# ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Shree Digambar Jain Swadhyay Mandir Trust, Songadh”** from where we have sourced **“Shree Jinendra Stavan Manjari”**.

**“Shree Digambar Jain Swadhyay Mandir Trust, Songadh”** have taken due care, However, if you find any error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to contact@kanijiswami.org **“Shree Digambar Jain Swadhyay Mandir Trust, Songadh”**

નમઃ સિદ્ધેભ્યઃ

# શ્રી
# જિનેન્દ્ર સ્તવનમંજરી

—: પ્રકાશક :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ—૩૬૪ ૨૫૦

ભગવાનશ્રી કુંદકુંદકહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ : ૨૩

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# તીર્થધામ શ્રી સોનગઢમાં બિરાજમાન વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરભગવાન આદિ

# જિનેન્દ્ર સ્તવનમંજરી

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

પહેલીથી છટ્ઠી આવૃત્તિ કુલ પ્રત : ૮૯૫૦
સાતમી આવૃત્તિ પ્રત : ૨૦૦૦ વિ.સં. ૨૦૬૧ ઈ.સ. ૨૦૦૫

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૩૬=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતાં આ ગ્રંથની વેચાણ કિંમત રૂા. ૧૮=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત : ૧૮=૦૦**

મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

✆ : **(02846) 244081**



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

તીર્થધામ શ્રી સોનગઢમાં ૧૯૯૭ના ફાગણ સુદ બીજે મૂળનાયક તરીકે વિદેહક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરભગવાન આદિ જિનેન્દ્રોની ભવ્ય અને અતિભાવવાહિની જિનેશ્વરસ્વરૂપ જિનમુદ્રાની, પરમ પૂજ્ય અધ્યાત્મયોગી સ્વપરકલ્યાણક સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ પવિત્ર કરકમળે પ્રતિષ્ઠા થઈ. શ્રી જિનેશ્વરદેવોની સ્તવનાને માટે શ્રી જિનેન્દ્રદેવ તથા પરમોપકારી શ્રી સદ્‌ગુરુદેવના પ્રતાપે આ સ્તવન મંજરી તૈયાર થઈ છે.....

*શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ (સૌરાષ્ટ્ર)*

# जिनमन्दिरना दर्शननुं स्तोत्र

दृष्टं जिनेन्द्रभवनं भवतापहारि,
भव्यात्मनां विभवसम्भवभूरिहेतु ।
दुग्धाब्धिफेनधवलोज्ज्वलकूटकोटी-
नद्धध्वजप्रकरराजिविराजमानम् ॥१॥

दृष्टं जिनेन्द्रभवनं भुवनैकलक्ष्मी-
धामर्द्धिवर्द्धितमहामुनिसेव्यमानम् ।
विद्याधरामरवधूजनमुक्तदिव्यं–
पुष्पाञ्जलिप्रकरशोभितभूमिभागम् ॥२॥

दृष्टं जिनेन्द्रभवनं भवनादिवास-
विख्यातनाकगणिकागणगीयमानम् ।
नानामणिप्रचवभासुररश्मिजाल-
व्यालीढनिर्मलविशालगवाक्ष जालम् ॥३॥

दृष्ट जिनेन्द्रभवनं सुरसिद्धयक्ष-
गन्धर्वकिन्नरकरार्षितबेणुवीणा- ।
सङ्गीतमिश्रतनमस्कृतधारनादै-
रापूरिताम्बरतलोरुदिगन्तरालम् ॥४॥

दृष्टं जिनेन्द्रभवनं विलसद्विलोल-
मालाकुलालिललितालकबिभ्रमाणम् ।
माधुर्यवाद्यलयनृत्यविलासिनीनां,
लीलाचलद्वलयनूपुरनादरम्यम् ॥५॥

दृष्टं जिनेन्द्रभवनं मणिरत्नहेम-
सारोज्ज्वलैः कलशचामरदर्पणाद्यैः ।
सन्मङ्गलैः सततमष्टशतप्रभेदै-
र्विभ्राजितं विमलमौक्तिकदामशोभम् ॥६॥

दृष्टं जिनेन्द्रभवनं वरदेवदारु-
कर्पूरचन्दनतरुष्कसुगन्धिधूपैः ।
मेघायमानगगने पवनाभिघात-
चञ्चच्चलद्विमलकेतनतुङ्गशालम् ॥७॥

दृष्टं जिनेन्द्रभवनं धवलातपत्र-
च्छायानिमग्नतनुयक्षकुमारवृन्दैः ।
दोधूयमानसितचामरपंक्तिभासं,
भामण्डलद्युतियुतप्रतिमाभिरामम् ॥८॥

दृष्टं जिनेन्द्रभवनं विविधप्रकार-
पुष्पोपहाररमणीयसुररत्नभूमिः ।
नित्यं वसन्ततिलकश्रियमादधानं
सन्मङ्गलं सकलचन्द्रमुनीन्द्रवन्द्यम् ॥९॥

दृष्टं मयाद्य मणिकाञ्चनचित्रतुङ्ग-
सिंहासनादिजिनबिम्बविभूतियुक्तम् ।
चैत्यालयं यदतुलं परिकीर्तितं मे,
सन्मङ्गलं सकलचन्द्रमुनीन्द्रवन्द्यम् ॥१०॥

॥ इति दृष्टाष्टकस्तोत्रं संपूर्णम् ॥

# देवदर्शन

दर्शनं देव देवस्य दर्शनं पापनाशनं।
दर्शनं स्वर्गसोपानं दर्शनं मोक्षसाधनम् ॥
दर्शनेन जिनेंद्राणां साधूनां वंदनने च।
न चिरं तिष्ठते पापं छिद्रहस्ते यथोदकम् ॥

वीतरागमुखं दृष्ट्वा पद्मरागसमप्रभम्।
अनेकजन्मकृतं पापं दर्शनेन विनश्यति ॥
दर्शनं जिनसूर्यस्य संसारध्वान्तनाशनम्।
बोधनं चित्तपद्मस्य समस्तार्थप्रकाशनम् ॥

दर्शनं जिनचन्द्रस्य सद्धर्मामृतवर्षणम्।
जन्मदाहविनाशाय वर्धनं सुखवारिधेः ॥

जीवादितत्त्वं प्रतिपादकाय, सम्यक्त्वमुख्याष्टगुणाश्रयाय।
प्रशांतरूपाय दिगम्बराय, देवाधिदेवाय नमो जिनाय ॥

चिदानन्दैकरूपाय जिनाय परमात्मने।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः ॥

अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम।
तस्मात्कारुण्यभावेन रक्ष रक्ष जिनेश्वर ॥

न हि त्राता न हि त्राता न हि त्राता जगत्त्रये।
वीतरागात्परो देवो न भूतो न भविष्यति ॥

जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्तिर्दिने दिने ।
सदा मेऽस्तु सदा मेऽस्तु सदा मेऽस्तु भवे भवे ॥

जिनधर्मविनिर्मुक्तो मा भवच्चक्रवर्त्यपि ।
स्याच्चेटोऽपि दरिद्रोऽपि जिनधर्मानुवासितः ॥

जन्मजन्मकृतं पापं जन्मकोटिमुपार्जितम् ।
जन्ममृत्युजरारोगं हन्यते जिनदर्शनात् ॥

अद्याभवस्सफलता नयनद्वयस्य,
देव त्वदीय चरणाम्बुजवीक्षणेन ।
अद्य त्रिलोकतिलक प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलुकप्रमाणम् ॥

इति देवदर्शनं सम्पूर्णम् ।

# जिनेन्द्रदर्शनस्तोत्र

अद्य मे सफलं जन्म नेत्रे च सफले मम ।
त्वामद्राक्षं यतो देव हेतुमक्षयसम्पदः ॥१॥

अद्य संसारगम्भीरपारावारः सुदुस्तरः ।
सुतरोऽयं क्षणेनैव जिनेन्द्र तव दर्शनात् ॥२॥

अद्य मे क्षालितं गात्रं नेत्रे च विमले कृते ।
स्नातोऽहं धर्मतीर्थेषु जिनेन्द्र तव दर्शनात् ॥३॥

अद्य मे सफलं जन्म प्रशस्तं सर्वमङ्गलम् ।
संसारार्णवत्तीर्णोऽहं जिनेन्द्र तव दर्शनात् ॥४॥

अद्य कर्माष्टकज्वालं विधूतं सकषायकम् ।
दुर्गतेर्विनिवृत्तोऽहं जिनेन्द्र तव दर्शनात् ॥५॥

अद्य सौम्या ग्रहाः सर्वे शुभाश्चैकादश-स्थिताः ।
नष्टानि विघ्नजालानि जिनेन्द्र तव दर्शनात् ॥६॥

अद्य नष्टो महाबन्धः कर्मणां दुःखदायकः ।
सुखसंगं समापन्नो जिनेन्द्र तव दर्शनात् ॥७॥

अद्य कर्माष्टकं नष्टं दुःखोत्पादनकारकम् ।
सुखाम्भोधिनिमग्नोऽहं जिनेन्द्र तव दर्शनात् ॥८॥

अद्य मिथ्यान्धकारस्य हन्ता ज्ञानदिवाकरः ।
उदितो मच्छरीरेऽस्मिन् जिनेन्द्र तव दर्शनात् ॥९॥

अद्याहं सुकृतो भूतो निर्धूताशेषकल्मषः ।
भुवनत्रयपूज्योऽहं जिनेन्द्र तव दर्शनात् ॥१०॥

अद्याष्टकं पटेद्यस्तु गुणानंदितमानसः ।
तस्य सर्वार्थसंसिद्धिर्जिनेन्द्र तव दर्शनात् ॥११॥

इति अद्याष्टकस्तोत्रं सम्पूर्णम् ।

## શ્રી જિનેન્દ્ર–સ્તવનમંજરીનાં સ્તવનોનું

# કક્કાવાર સૂચીપત્રક



| સ્તવન | પૃષ્ઠ | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|---|
| અકૃત્રિમ ચૈત્યાલયકી સ્તુતિ | ૧૦૬ | આજ આનંદ ભયો | ૧૬૦ |
| અચ્છર અરથમેં મગન રહે | ૨૦૭ | આજ જિનરાજ મુજ | ૧૫૬ |
| અજિત અજિત જિન | ૧૩૫ | આજ ભાવ સાથ, હું વંદું | ૬૫ |
| અજિત જિન તુજ મુજ | ૧૯૬ | આજ મારે મંદિરે પધારીયા | ૪૩૦ |
| અજિત જિનેશ્વર ઈકમના | ૨૭૦ | આજ મારે સોના સૂરજ | ૪૨૮ |
| અજિત જિનેશ્વર ચરણની | ૧૪૬ | આજ માહરા પ્ર૦ મહેર | ૧૯૧ |
| અનંત જિણંદશું પ્રીતડી | ૨૪૮ | આજ મૈં પરમ પદારથ | ૩૯૮ |
| અનુપમ અમિત તુમ ગુણ | ૩૮૪ | આજ સફળ દિન માહરો | ૨૪૫ |
| અનુપમ છબી અવિકારી | ૨૧૪ | આજ સફળ દિન મુજ તણો | ૨૯૮ |
| અનુપમ સીમંધર શ્યામનો | ૨૩૭ | આજ હો પરમારથ પાયો | ૧૯૦ |
| અનુભવ અમૃતવાણી | ૧૩૪ | આજે મંગળકારી મહા | ૪૩૪ |
| અપૂર્વ અવસર સ્વર્ણપુરીમાં | ૩૪૫ | આજે વીર પ્રભુજી નિર્વાણ | ૪૩૩ |
| અબધુ કયા માંગુ | ૨૧૬ | આટલો સંદેશો ચંદા | ૩૨૫ |
| અબ મોહિં જાન પરી | ૪૨૫ | આણા વહીએ રે શ્રી | ૧૯૫ |
| અભિનંદન જિનરાજ | ૧૯૪ | આતમ-સંપદ-રામી જિનરે | ૭૫ |
| અહા પ્રભુ અવલોક આપકો | ૪૦૨ | આનંદકો કંદ કિધોં | ૧૦૪ |
| અહો યોગમહિમા | ૧૨૮ | આવજો આવજો આવજો | ૩૦૦ |
| અંતરજામી જિનરાજ | ૧ | આવો આવો જિનવર આવો | ૩૩૪ |
| અંતરજામી પ્રભુ માહરા | ૧૫૩ | આવો આવો સી૦ નાથ | ૨૮૦ |
| આ ચૈત્ર ત્રયોદશી | ૩૩૫ | આવો આવો સી.પ્ર. મળીયા | ૨૮૧ |

| સ્તવન | પૃષ્ઠ | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|---|
| આશા બંધી હૈ જિનવર | ૩૨૭ | ઘડી ધન આજકી યેહી | ૪૧૭ |
| ઉઠત પ્રભાત નામ | ૨૯૩ | ચતુર્વિંશતિ જિનસ્તુતિ | ૨ |
| એક જ હૃદયના જાનથી | ૩૨૯ | ચતુર્વિંશતિ તીર્થંકર સ્તુતિ | ૧૧૨ |
| એકવાર બોલો શાંતિ | ૨૩૦ | ચિંતામન સ્વામી | ૪૧૯ |
| એક વાર બોલો સી૦ | ૨૩૧ | ચેતન ચતુરાઈથી શિવપુર | ૧૭૪ |
| એકીભાવ-સ્તોત્ર | ૩૫૯ | જગત ગુરુ જિન માહરો | ૧૩૮ |
| એણી પરે મેં પ્રભુ | ૧૩૧ | જગતમાં દેવ સાચો તું | ૩૧૫ |
| એમ ઢૂંઢતા રે ધર્મ | ૧૩૨ | જગન્નાથ જગદીશ | ૧૨૯ |
| એવા કુંદપ્રભુ અમ | ૩૦૫ | જગલોચન જબ ઊગીયો | ૨૫૭ |
| ઐસા સ્વરૂપ વિચારો | ૧૬૪ | જય અંતરયામી સ્વામી | ૩૧૭ |
| ઓ પંખીડા! જાજે | ૩૨૪ | જય જય બોલીયેજી | ૪૧૧ |
| ઓ પંખીડા! જાજે વિ. | ૩૨૫ | જય જય મંગલકારી મહાન | ૭૧ |
| કલિમૈં ગ્રંથ બડે | ૪૩૮ | જય જય વીર જિનંદા | ૨૨૭ |
| કલ્યાણમંદિર--સ્તોત્ર | ૨૦ | જય જિનવર નમીએ | ૬૭ |
| કરલે ગુરુગમ જ્ઞાન | ૨૦૭ | જય જિનંદ સુખકંદ નમસ્તે | ૩૪૭ |
| કંચનવરણો નાહ રે | ૨૧૭ | જય બોલો જય બોલો | ૨૨૧ |
| કુંથુનાથજી પ્યારા પ્રાણ | ૩૨૩ | જય બોલો જય બોલો શ્રી વીર પ્રભુકી | ૪૧૮ |
| કેવલિકન્યે વાઙ્મય ગંગે | ૪૦૪ | | |
| કેવલીકે જ્ઞાનમેં પ્રમાણ | ૧૧૦ | જય વર્ધમાન પ્રભો સ્વામી | ૩૨૬ |
| ક્યારે રે’શું અખંડ | ૨૯૯ | જયવંતો જિનબિંબ જગતમેં | ૩૯૭ |
| ગતદોષ ગુણભંડાર | ૨૦૦ | જય વીતરાગ વિજ્ઞાનપૂર.... | ૪૦૭ |
| ગિરિવનવાસી હો મુ૦ | ૪૨૩ | જય શાંતિનાથ ચિદ્રૂપરાજ | ૩૭૦ |
| ગુણ અનંત અરિહંતના | ૧૮૩ | જંગલ વસાવ્યું જોગીએ | ૨૯૫ |

| સ્તવન | પૃષ્ઠ | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|---|
| જાગો જોગી અલખ સ્વરૂપી | ૧૬૫ | તુમ તરણતારણ ભવ નિ. | ૩૫૪ |
| જિણંદચંદ વાણી અનુપમ | ૩૧૩ | તુમ પરમ પાવન દેવ | ૩૫૧ |
| જિણંદ શાસન રુચિ ગયું | ૨૧૩ | તુમ લોકહિતુ હો લોકપાલ | ૩૭૯ |
| જિનગુણમાલા | ૯૯ | તુમારે દર્શ બિન સ્વામી | ૪૧૬ |
| જિનજી ચંદ્રપ્રભુ અવધારો : | ૨૮૭ | તુમ્હેં જોજ્યો જોજ્યો રે | ૧૭૪ |
| જિન પ્રતિબિંબ લખી મૈં | ૩૬૪ | તું પારંગત તું પરમેશ્વર | ૧૮૦ |
| જિનપ્રતિમા જિનસારખી | ૧૫૫ | તું હી એક પ્યારો પ્રાણ | ૧૬૨ |
| જિનમંદિર જિનરાઈ | ૪૧૨ | તૂં જિનવર સ્વામી મેરો | ૪૨૦ |
| જિનરયણીજી | ૮ | તે ગુરુ મેરે મન બસો | ૩૫૨ |
| જિનવર આનન ભાન | ૪૩૮ | તેરી ગતિ તુંહી જાને | ૧૬૩ |
| જિનવાણી અમૃત રસાળ | ૩૦૮ | તેરે દર પર આ પડા | ૪૧૭ |
| જિનવાણી કો કો નહિ તારે | ૯૬ | ત્રિભુવન નાયક લાયકો | ૧૩૯ |
| જિનવાણી સુની સુરત | ૯૭ | ત્રિશલાદેવીના જાયા હો દેવ | ૩૧૮ |
| જિન સહસ્રનામ સ્તોત્ર | ૧૧૫ | ત્રિશલાના જાયાની લાગી | ૩૨૯ |
| જૈ જૈ જૈ નેમિ જિનંદચંદ્ર | ૩૮૮ | દીઠી સીમંધર તણી મૂર્તિ | ૨૧૫ |
| જૈ જૈ જૈ સીમંધર જિનંદ | ૩૮૭ | દુર્લભ ભવ લહી દોહલો | ૩૦૨ |
| જો અડોલ પરજંક | ૨૦૬ | દેખે જિનમુદ્રા નિજરૂપકો | ૧૦૫ |
| જ્યોતિ ભક્તિની જગાવ | ૨૨૬ | દેખે મુનિરાજ આજ | ૪૨૪ |
| જ્ઞાનાદિક ગુણ તેરો | ૧૬૦ | દેખોજી સી૦ કૈસા ધ્યાન | ૩૯૫ |
| જ્ઞાની શિર ચૂડામણિજી | ૨૬૬ | દેહધારી ભગવાન કરે નહિં | ૧૧૧ |
| તમે તો ભલે બિરાજો જી | ૬૬ | ધન ધન કુંદપ્રભુ યોગીશ્વર | ૪૨૨ |
| તારક બિરૂદ સુણી કરી | ૨૪૧ | ધન ધન શ્રી શ્રેયાંસકુમાર | ૪૨૪ |
| તાહરી અજબ શી જોગની | ૧૮૭ | ધન ધન હે મિત્ત | ૨૭૪ |

| સ્તવન | પૃષ્ઠ | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ધન્ય ભાગ્ય અમારે મંદિર | ૬૩ | પાસ પ્રભુ વાંછિત પૂરીએ | ૧૯૨ |
| ધન્ય દિવ્યવાણી ૐકારને રે | ૭૦ | પાસે સીમંધરજી રાખીએ | ૨૮૬ |
| નમિયે નેમિનાથ મહારાજ | ૨૨૮ | પુલકંત નયન ચકોર પક્ષી | ૩૪૮ |
| નમિ સ્વામી રે જાગી | ૧૮૧ | પ્યારા જ્ઞાન ખજાના ખોલ | ૪૧૪ |
| નંદીશ્વર જિનધામની શોભા | ૩૩૧ | પ્યારા સી૦ દેવ જિનને વંદું | ૮૧ |
| નંદીશ્વરદ્વીપકી જિનપ્રતિમા | ૧૦૨ | પ્રણમું પ્રમે પ્રહ સમે | ૨૫૩ |
| નિત આપો શ્રેયાંસનાથ | ૩૧૭ | પ્રણમું સીમંધર જિણંદ | ૨૭૬ |
| નિત પીજ્યો ધી ધારી | ૪૨૬ | પ્રથમ અશોક ફૂલકી વર્ષા | ૮૪ |
| નિરૂપાધિક તા તારહે રે | ૧૪૮ | પ્રભુ આપને સર્વ કે ફંદ | ૩૬૫ |
| નેમ હો પ્રભુ નેમ | ૨૬૪ | પ્રભુ આશ ધરીને અમે | ૭૪ |
| નેમિ જિ૦ દર્શન કિયા | ૧૬૬ | પ્રભુ ઈસ જગ સમરથ ના | ૩૭૫ |
| નેમિ જિ૦ નયણે દીઠા | ૨૬૦ | પ્રભુજી આદીસર | ૨૭૮ |
| નેમિ જિ૦ મુજ પરમેસર | ૨૫૯ | પ્રભુજી તમારી સાથે | ૩૧૧ |
| નેમિનાથ જિ૦ વખાણું | ૧૬૧ | પ્રભુજી મનમંદિરમેં આઓ | ૪૧૩ |
| પદ્મ જિનેશ્વર વિનતી મુજ | ૨૫૪ | પ્રભુ તોરી અબહી મહિમા | ૩૯૯ |
| પદ્મપ્રભુ કૃપાળુ ત્રિ૦ સુખ૦ | ૧૪૩ | પ્રભુ નિર્માયી નિષ્કામી છો | ૨૨૫ |
| પદ્મપ્રભુ જિનસેવના | ૪૩૫ | પ્રભુની વાણી જોર રસાળ | ૨૩૬ |
| પરમ પ્રભુ ઘટ અંતરમાં | ૧૬૭ | પ્રભુને ભજ તું પ્રભુને ભજ તું | ૧૭૨ |
| પરમાતમ પૂરણ કળા | ૧૩૭ | પ્રભુપૈ યહ વરદાન સુપાઉં | ૪૦૦ |
| પંચપરકાર જ્ઞાનાવરણકો | ૨૦૬ | પ્રભુ મેરે તું સબ વાતે | ૧૫૮ |
| પંચ પરમેષ્ઠી નમસ્કાર | ૧૦૧ | પ્રીતલડી બંધાણી રે નેમ | ૨૩૪ |
| પંથ વહે સર્વજ્ઞ જહાં પ્રભુ | ૧૦૯ | ફળિયા હો પ્રભુ ફળિયા | ૨૫૬ |
| પાર્શ્વ જિ૦ ને પ્રીતથી નિત્ય | ૬૪ | બંદહુ ઋષભ જિનેન્દ્ર | ૯૭ |

| સ્તવન | પૃષ્ઠ |
|---|---|
| ભક્તામર સ્તોત્ર | ૧૧ |
| ભક્તિ તો કર રહા હૂં | ૨૧૪ |
| ભક્તિ રસના ભાવભીના | ૩૩૦ |
| ભગવન્ સમય હો ઐસા | ૨૯૬ |
| ભજ ભજ પ્યારે ભજ | ૪૧૮ |
| ભરતખંડમાં સંત એક | ૩૪૩ |
| ભરતના ચંદાજી તમે જાજો | ૨૭૯ |
| ભવપાર કરી ભવિ ભાવ | ૨૨૯ |
| ભવિક તુમ બંદહુ | ૯૫ |
| ભવિયાં ભવાબ્ધિ-નૈયા | ૩૨૦ |
| ભવિયા સી૦ જિનકો ધ્યાવો | ૩૧૬ |
| ભાવ ધરીને આવીયા | ૧૪૨ |
| મનમંદિર આવો રે | ૩૩૭ |
| મને કો'ને કુંદકુંદ પ્રભુ | ૩૦૩ |
| મને વ્હાલા જિ૦ લાગે | ૭૬ |
| મહાવિદેહના વાસી પ્ર૦ | ૨૧૨ |
| મહાવીરપ્રભુ સુખકારી સદા | ૧૭૨ |
| મ.સ્વામી મૈં ક્યા ચાહતા હૂં | ૩૨૮ |
| મહિમા હૈ અગમ જિના. | ૪૨૭ |
| મંગલ સરૂપી દેવ | ૩૪૯ |
| માતાને સ્વપ્નાં લાધ્યાં | ૩૩૯ |
| મારા નાથની વધાઈ | ૩૩૨ |
| મારા ગુરુની વધાઈ | ૩૪૧ |
| મિલે જગતકે નાથ અબ | ૩૨૧ |
| મુઝે તુમ વિન નહિ સ્વામી | ૨૧૯ |
| મુનિસુવ્રત જિનરાયારે | ૮૧ |
| મૂરતિ મોહનગારી સી૦ જિન | ૭૮ |
| મૂરતિ વિદેહી જિન પ્યારી | ૬૨ |
| મૂર્તિ તારી નિર્વિકારી | ૩૧૨ |
| મેરા જૈન ધરમ અણમોલા | ૭૨ |
| મેરા મન તો રમે પ્રભુ તુંહિ | ૪૩૨ |
| મેરે પ્રભુ૦ પ્રગટ્યો પૂરન રાગ | ૧૫૯ |
| મેરે મન મંદિરમેં આન | ૪૧૫ |
| મૈં તો મૂરતિ જુહારૂ | ૩૧૧ |
| મૈં દેવ નિત અરહંત ચાહૂં | ૪૦૫ |
| મૈં નેમિજીકા બંદા | ૪૨૧ |
| મૈં પ્રભુભક્તિમેં ચિત્તકો | ૩૩૬ |
| મૈં વંદું સી૦ શિર કર | ૩૨૨ |
| મૈં વીસ જિ૦ ચિત્તમેં | ૩૩૪ |
| મોરા સ્વામી હો પ્રથમ જિ | ૨૭૧ |
| મોહની છબી અય પ્રભુજી | ૪૧૪ |
| મોહે જિ૦ રાહ બતાદો કોઈ | ૩૪૬ |
| મ્હારે ઘર જિનધુનિ અબ | ૪૨૭ |
| રચી નગરી છહ માસ | ૩૭૨ |
| રસીયા સી૦ જિનજી કેસર | ૨૬૩ |
| રસીલાં ધર્મીનાં હૈડાં | ૨૦૮ |

| સ્તવન | પૃષ્ઠ | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|---|
| લાગી લગન મને તારી | ૩૩૮ | શાંતિદાયક શાંતિ જિન૦ | ૩૨૧ |
| વર્ધમાન જિ૦ ને ધ્યાને | ૨૬૯ | શાંતિનાથ સોહામણો રે | ૧૫૨ |
| વંદન કરૂં જિનરાજ, ભાવથી | ૭૯ | શાંતિ પ્ર૦ વિનતી મેરી | ૨૮૦ |
| વંદો વંદો પરમ વિરાગી | ૨૦૩ | શાંતિ હો જિન શાંતિ કરો | ૨૫૧ |
| વામાનંદન પાસ જિણંદા | ૧૬૧ | શી કરું કીરતિ તાહરી | ૮૨ |
| વિચરંતા વીશ જિનને વંદું | ૪૩૧ | શ્રી અજિત જિ૦ દેવ માહરો | ૨૯૧ |
| વિદેહક્ષેત્રસ્થ વર્તમાન |  | શ્રી અરહંત છબી લખિ | ૩૯૬ |
| જિનવિંશતિકા | ૮૬ | શ્રી જિનવર પદ ધ્યાવૈં જો | ૪૧૧ |
| વિદેહી જિ૦ બલિહારી, શ્રી૦ | ૬૭ | શ્રી જિનેન્દ્રકા પાવન દર્શન | ૪૦૯ |
| વિમલ જિ૦ વિમલ જિ૦ | ૧૭૦ | શ્રી તીર્થંકર સ્તુતિ | ૯૪ |
| વિમલ વિમલ ગુણ તાહરા | ૧૫૦ | શ્રી નેમિ જિ૦ છો જગદીસર | ૮૨ |
| વિમળ દર્શન મળી ગયું ત્યાં | ૩૧૯ | શ્રીપતિ જિનવર કરુણાયતનં | ૩૫૫ |
| વિરાગ સનાતન શાંત | ૪૦૮ | શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર | ૩૫૮ |
| વીર પ્રભુજી મોક્ષ પધાર્યા | ૨૮૪ | શ્રીમાન્ મ૦ વિભો મુણિંદો | ૨૦૪ |
| વીર--હિમાચલતૈં નિકરી | ૩૫૩ | શ્રીમુનિ રાજત સમતાસંગ | ૪૨૨ |
| વૈશાખ સુદ બીજને વાર | ૩૪૪ | શ્રીવર પરમગુરુ આદિ જિ૦ | ૩૬૭ |
| વ્હાલી લાગે છે મને | ૨૮૫ | શ્રી શીતલ જિન સહજાનંદી | ૧૬૯ |
| શાસન ઉદ્ધારક પ્રભુ જન્મ | ૩૪૦ | શ્રી શ્રેયાંસ જિણંદ ઘનાઘન | ૧૪૪ |
| શાંતમૂર્તિ પદ્મપ્રભુ નમન કરું | ૭૮ | શ્રી સદ્ગુરુજી મહિમા | ૨૮૨ |
| શાંતિ જિણંદ શાંતિકર | ૧૮૪ | શ્રી સી૦ જિનરાજકે આશ | ૧૯૩ |
| શાંતિ જિનેસર કેસર | ૧૪૧ | શ્રી સી૦ પ્રભુની મનહર | ૬૮ |
| શાંતિ જિ૦ મુજને તુમે | ૨૩૮ | શ્રી સી૦ શ્યામને કે'જો કે | ૨૭૭ |
| શાંતિ જિ૦ વંદના | ૧૮૯ | શ્રી સી૦ સાહિબા સુણો | ૨૪૬ |

| સ્તવન | પૃષ્ઠ |
|---|---|
| શ્રી સી૦ સ્વામીજીને કરું | ૨૪૪ |
| શ્રી સી૦ સ્વામીજીરે મહેર | ૨૬૭ |
| સકલ ગુણ ગણ નેમ જિ૦ | ૧૫૧ |
| સકલ સમતા સરલતાનો | ૧૪૭ |
| સગુણ સનેહા સ્વામી મહેલે | ૧૬૮ |
| સત્યવતીનંદન જગઆનંદ | ૨૮૭ |
| સર્વે સુરેન્દ્રોનાં નમેલા | ૧૯૯ |
| સહજ સ્વરૂપી મારો | ૧૭૧ |
| સહેજે શીતળ શીતળ જિન | ૧૮૫ |
| સાક્ષાત્ શ્રી જિનદેવને | ૨૦૧ |
| સાચો અંતર સ્વામી | ૧૭૩ |
| સાચો હો પ્રભુ સાચો તું | ૨૪૭ |
| સાહિબ હો તમે સાહિબ | ૨૮૮ |
| સાહિબા શ્રી સી૦ સાહિબા | ૨૫૦ |
| સાહિબા સી૦ જિ૦ નાથ | ૧૭૯ |
| સાંવરિયા નેમિનાથ તુમ તો | ૨૨૧ |
| સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા | ૧૯૭ |
| સીમંધર આતમ આરામી | ૨૧૧ |
| સી૦ જિણંદ અરિહંતજી | ૨૯૪ |
| સી૦ જિણંદજી રે રૂડી | ૨૮૯ |
| સી૦ જિ૦ શુભ ધ્યાનથીજી | ૧૫૪ |
| સી૦ જિણંદા સીમંધર | ૨૨૦ |
| સી૦ જિનચંદ્રમાં રે | ૧૪૦ |

| સ્તવન | પૃષ્ઠ |
|---|---|
| સી૦ જિનજી ધર્મ ધુરંધરા | ૨૪૦ |
| સી૦ જિન તાહરીરે મૂરતિ | ૨૯૦ |
| સી૦ જિન નયણે નીરખી | ૧૮૬ |
| સી૦ જિન રાજીઆ રે | ૨૨૨ |
| સી૦ જિનવરજી છો દેવ | ૨૬૮ |
| સી૦ જિન વંદીએ | ૧૬૩ |
| સી૦ જિન સાહિબા વિનતડી | ૨૪૨ |
| સી૦ જિન હું શરણે તમારે | ૭૩ |
| સી૦ જિનેશ્વર જાણજો | ૨૬૧ |
| સી૦ થાશું વિનવું | ૨૫૪ |
| સી૦ દેવ દયાળ ભવોદધિ પાર | ૧૭૫ |
| સી૦ દેવના દરિસણ વિણના | ૫૯ |
| સી૦ દેવને વસાવ | ૩૧૩ |
| સી૦ નાથ જિનરાયા, હો | ૬૧ |
| સી૦ નાથજીની વધાઈ આજે | ૩૩૨ |
| સી૦ નાથજીને કરું નમન | ૮૩ |
| સી૦ નાથજીને વિનવું પ્ર૦ | ૬૦ |
| સી૦ નાથજી મોહ ટાળજો | ૬૯ |
| સી૦ નિરાગી નિઃકામી | ૧૭૬ |
| સી૦ સ્વામી મૈં ચરનનકા | ૪૨૦ |
| સુખ શાંતિ પ્રદાતા જગના | ૩૦૭ |
| સુનકર વાની જિનવરકી | ૪૨૮ |

| સ્તવન | પૃષ્ઠ | સ્તવન | પૃષ્ઠ |
|---|---|---|---|
| સુનીએ હો પ્રભુ સુનીએ | ૨૬૫ | હાંરે પ્રભુ સી૦ સ્વામી દીઠા | ૨૩૯ |
| સુવર્ણપુરી જિનાલય સોહે | ૩૦૭ | હાંરે મ્હારે સી૦ જિનશું | ૨૪૩ |
| સુવર્ણપુરે વસે એક સંત | ૩૪૪ | હાંરે મારે ચંદ્રવદન જિન | ૨૫૮ |
| સુવિહિતકારી રે સાહિબા | ૧૮૮ | હાંરે મુજ પ્રાણાધાર તું સી૦ | ૨૩૬ |
| સુંદર સુવર્ણપુરીમાં સ્વર્ણરવિ | ૨૯૭ | હું તો હાલું ને પ્રભુ | ૩૦૪ |
| સેવો હે મિત્ત સેવો | ૨૭૩ | હે કરુણાકર ગુણ રત્નાકર | ૪૦૩ |
| સોળમાં શાંતિ જિ૦ હો રાજ | ૧૭૭ | હે જિન તેરો સુજસ ઉજાગર | ૩૯૮ |
| સ્વયંભૂ-સ્તોત્ર | ૩૦ | હે જિનવાણી માતા તુમકો | ૨૧૮ |
| સ્વામી શાસનના શિરતાજ | ૩૧૦ | હે જિનેશ જય ત્રિભુવન | ૪૦૧ |
| સ્વામી સી૦ જિણંદ | ૧૮૩ | હે ભગવાન આપ છો અનંત | ૩૦૪ |
| હરિ મોહે પ્યારો સુપાસકો | ૨૯૨ | હે વીર તુમારી મુદ્રાકા | ૪૧૩ |
| હાંજી સુરતરૂ સમોવડ | ૨૭૨ | હે શાંતિનાથ જગપૂજ્ય | ૨૦૯ |
| હાંરે આજ મલિયો મુજને | ૨૩૩ | હો દીનબંધુ શ્રીપતિ | ૩૯૦ |


❁

ૐ

# શ્રી સીમંધર જિન–સ્તવન

(રાગ–પ્રેમ ધર્મનો જગાવ)

અંતરજામી જિનરાજ
તારો તારો મહારાજ,
આતમરામી શિરતાજ,
તારો તારો મહારાજ.....એ રાહ.

સીમંધર સ્વામી ત્રાતા,
સતી સત્યકી છે માતા;
ભલું દર્શન થયું આજ, તારો.......૧

પ્રભુ અનંત ગુણે બિરાજો;
અપૂર્વ દિવ્ય ધ્વનિએ ગાજો.
તરણ તારણ જહાજ, તારો.......૨

પ્રભુ તુંહિ ચિંતામણિ મળિયો,
દુઃખ દહાડો સ્હેજે ટળિયો;
સર્યાં સેવકનાં સહુ કાજ, તારો.......૩

પ્રભુ બહુ દૂરે તમે વસિયા;
પણ મનડાથી નવિ ખસિયા;
જેમ મયૂરને મેઘરાજ, તારો.......૪

પ્રભુ મંગલ મૂર્તિ તુમારી,
દેખી સુવર્ણપુરી મોઝારી;
હું તો પામ્યો અમૃત રાજ, તારો.......૫

# શ્રી ચતુર્વિંશતિ જિન-સ્તુતિ

(છંદ : મન્દાક્રાન્તા)

## ૧. શ્રી ઋષભદેવ જિન–સ્તુતિ

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી;
વે'તો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વન્દું છું તે ઋષભજિનને ધર્મધોરી પ્રભુને.

## ૨. શ્રી અજિતનાથ જિન–સ્તુતિ

દેખી મૂર્તિ અજિતજિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરીફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

## ૩. શ્રી સંભવનાથ જિન–સ્તુતિ

જે શાન્તિના સુખ સદનમાં મુક્તિમાં નિત્ય રાજે;
જેની વાણી ભવિક જનના ચિત્તમાં નિત્ય ગાજે;
દેવેન્દ્રોની પ્રણયભરની ભક્તિ જેને જ છાજે,
વંદું તે સંભવજિનતણાં પાદપદ્મો હું આજે.

## ૪. શ્રી અભિનન્દન જિન–સ્તુતિ

ચોથા આરારૂપ નભ વિષે દીપતાં સૂર્ય જેવા,
ઘાતી કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા;

સાચે ભાવે ભાવિક જનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણયુગલે હું ચહું નિત્ય રહેવા.

## ૫. શ્રી સુમતિ જિન–સ્તુતિ

આ સંસારે ભ્રમણ કરતાં શાન્તિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યા કુમતિ વશથી મેં બહુયે મુનીન્દ્ર;
તો યે ના'વ્યો ભવભ્રમણથી છૂટકારો લગારે;
શાન્તિદાતા સુમતિજિનજી દેવ છે તું જ મારે.

## ૬. શ્રી પદ્મપ્રભ જિન–સ્તુતિ

સોના કેરી સુરવિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવાં પ્રભુ ચરણના સંગથી દીપ્તિ ધારી;
દેખી ભવ્યો અતિ ઉલટથી હર્ષનાં આંસુ લાવે,
તે શ્રી પદ્મપ્રભુ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે.

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન–સ્તુતિ

આખી પૃથ્વી સુખમય બની આપના દર્શ કાળે,
ભવ્યો પૂજે ભય રહિત થઈ આપને પૂર્ણ વ્હાલે;
પામે મુક્તિ ભવભય થકી જે સ્મરે નિત્યમેવ,
નિત્યે વંદું તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેષ્ટ દેવ.

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન–સ્તુતિ

જેવી રીતે શશિકિરણથી ચંદ્રકાંત દ્રવે છે,
તેવી રીતે કઠીણ હૃદયે હર્ષનો ધોધ વ્હે છે;

દેખી મૂર્તિ અમૃતઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભજિન મને આપજો સેવ સારી.

## ૯. શ્રી સુવિધિ જિન–સ્તુતિ

સેવા માટે સુરનગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુરગિરિ પરે અષ્ટ પૂજા રચાવે;
નાટ્યારંગે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિ જિનની કોણને ચિત્ત ના'વે?

## ૧૦. શ્રી શીતલ જિન–સ્તુતિ

આધિ વ્યાધિ પ્રમુખ બહુયે તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલજિનની જાણીને હર્ષ આણી;
નિત્યે સેવે મન વચન ને કાયથી પૂર્ણ ભાવે,
કાપી ખંતે દુરિત ગણને પૂર્ણ આનંદ પાવે.

## ૧૧. શ્રી શ્રેયાંસ જિન–સ્તુતિ

(શાર્દૂલવિક્રીડિત)

જે હેતુ વિણ વિશ્વનાં દુઃખ હરે, ન્હાયા વિના નિર્મળા,
જીતે આંતર શત્રુને સ્વબળથી, દ્વેષાદિથી વેગળા;
વાણી જે મધુરી વદે ભવતરી ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસ જિણંદનાં ચરણની ચાહું સદા ચાકરી.

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન–સ્તુતિ

જે ભેદાય ન ચક્રથી, ન અસિથી કે ઈન્દ્રના વજ્રથી,
એવાં ગાઢ કુકર્મ હે જિનપતે, છેદાય છે આપથી;
જે શાન્તિ નવ થાય ચંદન થકી તે શાન્તિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી નિત્યે નમું આપને.

## ૧૩. શ્રી વિમલ જિન–સ્તુતિ

(મન્દાક્રાન્તા છંદ)

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલજિનના ધ્યાનથી નષ્ટ થાય;
પાપો જૂનાં બહુ ભવ તણાં, અજ્ઞતાથી કરેલાં,
તે માટે હે જિન તુજ પદે પંડિતો છે નમેલા.

## ૧૪. શ્રી અનંત જિન–સ્તુતિ

જેઓ મુક્તિનગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ–સંત;
જેની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મારા હૃદયકમલે આવજો શ્રી અનંત.

## ૧૫. શ્રી ધર્મ જિન–સ્તુતિ

સંસારાંભોનિધિ જળ વિષે બૂડતો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીન્દ્ર;

લાખો યત્નો યદિ જન કરે તોય ના તેહ છોડું,
નિત્યે ધર્મપ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું.

## ૧૬. શ્રી શાંતિ જિન–સ્તુતિ

જાણ્યા જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ તમે સર્વ આ લોકમાંહી;
ષટ્ ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.

## ૧૭. શ્રી કુંથુજિન–સ્તુતિ

જેની મૂર્તિ અમૃત ઝરતી ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે;
જેની સેવા પ્રણયભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુંથુજિનચરણમાં ચિત્ત મારું ઠરે છે.

## ૧૮. શ્રી અરજિન–સ્તુતિ

જે દુઃખોના વિષમ ગિરિઓ, વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા, સૂર્યની જેમ છેદે;
જેની પાસે તૃણ સમ ગણે સ્વર્ગને ઈન્દ્ર જેવા,
એવી સારી અરજિન મને આપજો આપ સેવા.

## ૧૯. શ્રી મલ્લિજિન–સ્તુતિ

તાર્યા ભવ્યો અતિ પ્રભાવે જ્ઞાનના દિવ્ય તેજે,
સર્વજ્ઞ છો ! સર્વદર્શી પ્રભુ ! ત્રૈલોક્યના નાથ ગાજે;

સચ્ચારિત્રે જન-મન-હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ મને આપજો સેવ સારી.

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન–સ્તુતિ

(શાર્દૂલવિક્રીડિત છંદ)

અજ્ઞાનાંધ કૃતિ વિનાશ કરવા જે સૂર્ય જેવા કહ્યા,
જેણે અષ્ટ પ્રકારનાં કઠિણ જે કર્મો બધાં તે દહ્યાં;
જેની આત્મસ્વભાવમાં રમણતા જે મુક્તિદાતા સદા,
એવા તે મુનિસુવ્રતેશ નમિએ જેથી ટળે આપદા.

## ૨૧. શ્રી નમિજિન–સ્તુતિ

વૈરી કર્મ નમ્યા પ્રભુશ્રી જિનને આત્મપ્રભાવે કરી,
કીર્તિચંદ્ર કરોજ્જ્વલા દિશિ દિશિ આ વિશ્વમાં વિસ્તરી;
આપી બોધ અપૂર્વ આ જગતને પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે પામ્યો ખરા ધર્મને.

## ૨૨. શ્રી નેમિજિન–સ્તુતિ

લોભાવે લલના તણાં લલિત શું ત્રિલોકના નાથને?
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી શું સ્વર્ણના શૈલને?
શું સ્વાર્થે જિનદેવ એ પશુ તણા પોકારને સાંભળે?
શ્રીમન્નેમિજિનેંદ્ર સેવન થકી શું શું જગે ના મળે?

## ૨૩. શ્રી પાર્શ્વજિન–સ્તુતિ

ધૂણિમાં બળતો દયાનિધિ તમે જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં આપી મહા મંત્રને;
કીધો શ્રી ધરણેન્દ્ર ને ભવ થકી તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વજિનેન્દ્ર નાશરહિતા સેવા તમારી મને.

## ૨૪. શ્રી વીરજિન–સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીરદેવ મુજને પાપી મહા કર્મથી.

## જિનેન્દ્ર–જન્મકલ્યાણક

(ઢાળ)

જિન રયણીજી દશ દિશિ ઉજ્જ્વળતા ધરે,
શુભ લગનેજી જ્યોતિષ ચક્ર તે સંચરે;
જિન જનમ્યાજી જેણે અવસર માતા ઘરે,
તેણે અવસરજી ઈંદ્રાસન પણ થરહરે.

(તોટક)

થરહરે આસન ઈંદ્ર ચિંતે, કોણ અવસર એ બન્યો?
જિન જન્મઉત્સવ કાલ જાણી, અતિ હી આનંદ ઉપન્યો;

નિજ સિદ્ધિ સંપત્તિ હેતુ જિનવર, જાણી ભક્તે ઉમહ્યો,
વિકસંત વદન પ્રમોદ વધતે, દેવ નાયક ગહગહ્યો. ૧.

(ઢાળ)

તવ સુરપતિજી ઘંટાનાદ કરાવએ,
સુરલોકેજી ઘોષણા એહ દેવરાવએ;
નર ક્ષેત્રેજી જિનવર જન્મ હુવો અછે,
તસુ ભક્તેજી સુરપતિ મંદરગિરિ ગછે.

(તોટક)

ગચ્છતિ મંદર શિખર ઉપર, ભુવન જીવન જિન તણો,
જિન જન્મ-ઉત્સવ કરણ કારણ, આવજો સવિ સુરગણો;
તુમ શુદ્ધ સમકિત થાશે નિર્મલ, દેવાધિદેવ નિહાળતાં,
આપણાં પાતિક સર્વ જાશે, નાથ ચરણ પખાલતાં. ૨

(ઢાળ)

એમ સાંભળીજી, સુરવર કોડી બહુ મલી,
જિન વંદનજી, મંદરગિરિ સામા ચલી;
સોહમપતિજી, જિન-જનની ઘર આવિયા,
જિન-માતાજી, વંદી સ્વામી વધાવિયા.

(તોટક)

વધાવિયા જિન હર્ષ બહુ લે, ધન્ય હું કૃતપુણ્યએ,
ત્રૈલોક્ય નાયક દેવ દીઠો, મુજ સમો કોણ અન્ય એ;

હે જગતજનની પુત્ર તુમચો, મેરુ મંજન વર કરી,
ઉત્સંગ તુમચે વળીય થાપીશ આતમા પુણ્યે ભરી. ૩.

(ઢાળ)

સુરનાયકજી, જિન નિજ કરકમલે ઠવ્યા,
સહસ્ર નયણેજી, અતિશય મહિમાએ નીરખ્યા;
નાટક વિધિજી, તવ બહુ બહુ આગળ વહે,
સુરકોડીજી જિન દર્શને ઉમ્મહે.

(તોટક)

સુર કોડાકોડી નાચતી વળી, નાથ શચિગણ ગાવતી,
અપસરા કોડી હાથ જોડી, હાવ ભાવ દેખાવતી;
જ્યો જ્યો તું જિનરાજ જયગુરુ એમ દે આશીષ એ,
અમ પ્રાણ શરણ આધાર જીવન, એક તું જગદીશ એ. ૪.

(ઢાળ)

સુર ગિરિવરજી, પાંડુક વનમેં ચિહું દિશે,
ગિરિ શિલા પરજી, સિંહાસન સાસય વસે;
તિહાં આણીજી, શક્રે જિન ખોળે ગ્રહ્યા,
સો ઈંદ્રજી તિહાં સુરપતિ આવી રહ્યા.

(તોટક)

આવિયા સુરપતિ સર્વ ભક્તે, કળશ શ્રેણી બનાવએ,
સિદ્ધાર્થ પમુહ તીર્થ ઔષધિ, સર્વ વસ્તુ અણાવએ;

અચ્યુઅપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડાકોડીને,
જિન મંજનારથ નીર લાવો, સર્વ સુર કર જોડીને;
પુત્ર તુમારો ધણી હમારો તરણતારણ જહાજ રે,
માતા જતન કરીને રાખજો તુમ સુત અમ આધાર રે. ૫

## શ્રી ભક્તામર સ્તોત્ર

(માનતુંગસ્વામી રચિત શ્રી ૠષભદેવસ્તુતિનો ગુજરાતી અનુવાદ)

(રાગ–વસંતતિલકા)

ભક્તામરો ખચિત તાજ-મણિપ્રભાના,
ઉદ્યોતકર, હર પાપતમો જથાના;
આધારરૂપ ભવ-સાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદયુગે નમીને. ૧

કીધી સ્તુતિ સકલ-શાસ્ત્રજ-તત્ત્વબોધે,
પામેલ બુદ્ધિપટુથી સુરલોકનાથે;
ત્રૈલોક ચિત્તહર ચારુ ઉદાર સ્તોત્રે,
હુંયે ખરે સ્તવીશ આદિ જિનેંદ્રને તે. ૨

બુદ્ધિ વિના જ સુરપૂજિત-પાદપીઠ!
મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ;
લેવા શિશુ વિણ જળે સ્થિત ચંદ્રબિંબ,
ઈચ્છા કરે જ સહસા જન કોણ અન્ય. ૩

કે’વા ગુણો ગુણનિધિ! તુજ ચંદ્રકાંત,
છે બુદ્ધિથી સુરગુરુ સમ કો સમર્થ?
જ્યાં ઊછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણ તે તરી શકે જ સમુદ્ર હાથે? ૪

તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ!
શક્તિ રહિત પણ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે,
ના થાય શું મૃગી શિશુ નિજ રક્ષવાને? ૫

શાસ્ત્રજ્ઞ અજ્ઞ ગણીને હસતાં છતાંયે,
ભક્તિ તમારી જ મને બળથી વદાવે;
જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચારે,
તે માત્ર આમ્રતરુ–મહોર તણા પ્રભાવે. ૬

બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ,
તારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;
આ લોકવ્યાપ્ત નિશિનું ભમરા સમાન,
અંધારું સૂર્ય-કિરણોથી હણાય જેમ. ૭

માની જ તેમ સ્તુતિ નાથ તમારી આ મેં.
આરંભી અલ્પ મતિથી પ્રભુના પ્રભાવે;
તે ચિત્ત સજ્જન હરે, જયમ બિંદુ પામે,
મોતી તણી કમળપત્ર વિષે પ્રભાને. ૮

દૂર રહો રહિત દોષ સ્તુતિ તમારી;
તારી કથા પણ અહો જન-પાપહારી;
દૂર રહે રવિ તથાપિ તસ પ્રભાએ,
ખીલે સરોવર વિષે કમળો ઘણાંયે. ૯

આશ્ચર્ય ના ભુવનભૂષણ! ભૂતનાથ!
રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર સાથ;
તે તુલ્ય થાય તુજની, ધનીકો શું પોતે,
પૈસે સમાન કરતા નથી આશ્રિતોને? ૧૦

જો દર્શનીય પ્રભુ એક ટસેથી દેખે,
સંતોષથી નહિ બીજે જન નેત્ર પેખે;
પી ચંદ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરું,
પીશે પછી જળનિધિ જળ કોણ ખારું? ૧૧

જે શાંતરાગ રુચિનાં પરમાણુ માત્ર,
તે તેટલાં જ ભુવિ આપ થયેલ ગાત્ર;
એ હેતુથી ત્રિભુવને શણગાર રૂપ,
તારા સમાન નહિ અન્ય તણું સ્વરૂપ. ૧૨

ત્રૈલોક સર્વ ઉપમાને જે જીતનારું,
ને નેત્ર દેવ-નર-ઉરગ હારી તારું;
ક્યાં મુખ ક્યાં વળી કલંકિત ચંદ્રબિંબ,
જે દિવસે પીળચટું પડી જાય ખૂબ? ૧૩

❒

સંપૂર્ણ ચંદ્રતણી કાન્તિ સમાન તારા,
રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા;
ત્રૈલોકનાથ તુજ આશ્રિત એક તેને,
સ્વેચ્છા થકી વિચરતાં કદિ કોણ રોકે? ૧૪

આશ્ચર્ય શું! પ્રભુ તણા મનમાં વિકાર,
દેવાંગના ન કદી લાવી શકી લગાર;
સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે,
મેરુગિરિ શિખર શું કદી તોય ડોલે? ૧૫

ધૂમ્રે રહિત નહિ વાટ, ન તેલવાળો,
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો;
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે,
તું નાથ છો અપર દીપ જગત પ્રકાશે. ૧૬

ઘેરી શકે કદી ન રાહુ, ન અસ્ત થાય,
સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય;
તું હે મુનીંદ્ર, નહીં મેઘ વડે છવાય,
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય. ૧૭

મોહાંધકાર દળનાર સદા પ્રકાશી,
રાહુ–મુખે ગ્રસિત ના, નહિ મેઘરાશી;
શોભે તમારું મુખપદ્મ અપાર રૂપે,
જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે. ૧૮

શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી,
અંધારું તુજ મુખચંદ્ર હરે પછીથી!
શાલિ સુશોભિત રહી નીપજી ધરામાં,
શી મેઘની ગરજ હોય જ આભલામાં? ૧૯

શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,
તેવું નહીં હરિહરાદિકના વિષે તે;
રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્ત્વ ભાસે,
તેવું ન કાચ કટકે ઉજળે જણાશે. ૨૦

માનું રૂડું હરિહરાદિકને દીઠા તે,
દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે;
જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ. ૨૧

સ્ત્રી સેંકડો પ્રસવતી કદી પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા;
તારા અનેક ધરતી જ દિશા બધીય,
તેજે સ્ફુરિત રવિને પ્રસવે જ પૂર્વ. ૨૨.

માને પરંપુરુષ સર્વ મુનિ તમોને,
ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે;
પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીંદ્ર,
છે ના બીજો કુશળ મોક્ષ તણો જ પંથ. ૨૩

તું આદ્ય અવ્યય અચિંત્ય અસંખ્ય વિભુ,
છે બ્રહ્મ ઈશ્વર અનંત અનંગકેતુ;
યોગીશ્વર વિદિતયોગ અનેક એક,
કે'છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત. ૨૪

છો બુદ્ધિ બોધ થકી હે સુરપૂજ્ય બુદ્ધ,
છો લોકને સુખદ શંકર તેથી શુદ્ધ;
છો મોક્ષમાર્ગવિધિ ધારણથી જ ધાતા,
છો સ્પષ્ટ આપ પુરુષોત્તમ સ્વામી ત્રાતા. ૨૫

❐

ત્રૈલોક દુઃખહર નાથ! તને નમોસ્તુ,
તું ભૂતળે અમલભૂષણને નમોસ્તુ;
ત્રૈલોકના જ પરમેશ્વરને નમોસ્તુ,
હે જિન શોષક ભવાબ્ધિ! તને નમોસ્તુ. ૨૬

આશ્ચર્ય શું ગુણ જ સર્વ કદી મુનીશ,
તારો જ આશ્રય કરી વસતા હંમેશ;
દોષો ધરી વિવિધ આશ્રય ઊપજેલા,
ગર્વાદિકે ન તમને સ્વપને દીઠેલા. ૨૭

ઊંચા અશોકતરુ આશ્રિય, કીર્ણ ઊંચ,
અત્યંત નિર્મળ દીસે પ્રભુ આપ રૂપ;
તે જેમ મેઘ સમીપે રહી સૂર્યબિંબ,
શોભે પ્રસારી કિરણો હણીને તિમિર. ૨૮

સિંહાસને મણિ તણા કિરણે વિચિત્ર,
શોભે સુવર્ણ સમ આપ શરીર ગૌર;
તે સૂર્યબિંબ ઉદયાચળ શિર ટોચે,
આકાશમાં કિરણ જેમ પ્રસરી શોભે. ૨૯

ધોળાં ઢળે ચમર કુંદ સમાન એવું,
શોભે સુવર્ણ સમ રમ્ય શરીર તારું;
તે ઊગતા શશિસમા જળ ઝર્ણ ધારે,
મેરુ તણા કનકના શિર પેઠ શોભે. ૩૦

ઢાંકે પ્રકાશ રવિનો, શશિતુલ્ય રમ્ય,
મોતી સમૂહ રચનાથી દીપાયમાન;
એવા પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,
ત્રૈલોકનું અધિપતિપણું તે જણાવે. ૩૧

ગંભીર ઊંચ સ્વરથી પુરી છે દિશાઓ,
ત્રૈલોકને સરસ સંપદ આપનારો;
સદ્ધર્મરાજ જયને કરનાર ખુલ્લો,
વાગે છે દુદુંભિ નભે યશવાદી તારો. ૩૨

મંદાર સુંદર નમેરુજ પારિજાતે,
સંતાનકાદિ ફુલની બહુ વૃષ્ટિ ભારે;
પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે;
શું દિવ્ય વાણી તુજ સ્વર્ણથકી પડે તે. ૩૩

શોભે વિભો પ્રસરતી તુજ કાંતિ હારે,
ત્રૈલોકના દ્યુતિ સમૂહની કાંતિ ભારે;

તે ઊગતા રવિસમી બહુ છે છતાંયે,
રાત્રિ જીતે શીતલ ચંદ્ર સમાન તેજે. ૩૪

જે સ્વર્ગ-મોક્ષસમ માર્ગ જ શોધી આપે,
સદ્ધર્મ તત્ત્વકથવે પટુ ત્રણ લોકે;
દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ,
ભાષા-સ્વભાવ-પરિણામ ગુણોથી યુક્ત. ૩૫

❒

ખીલેલ હેમ-કમળો સમ કાંતિવાળા,
ફેલી રહેલ નખ-તેજ થકી રૂપાળા;
એવા જિનેંદ્ર તુમ પાદ ડગો ભરે છે,
ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે. ૩૬

એવી જિનેંદ્ર થઈ જે વિભૂતિ તમોને,
ધર્મોપદેશ સમયે નહિ તે બીજાને;
જેવી પ્રભા તિમિરહારી રવિ તણી છે,
તેવી પ્રકાશિત ગ્રહોની કદી બની છે? ૩૭

વ્હેતા મદે મલિન ચંચળ શિર તેવો,
ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો;
ઐરાવતે તુલિત ઉદ્ધત હાથી સામે,
આવેલ જોઈ તુમ આશ્રિત ભો ન પામે. ૩૮

ભેદી ગજેંદ્ર શિર શ્વેત રુધિરવાળા,
મોતી સમૂહ થકી ભૂમિ દીપાવી એવા;

દોડેલ સિંહ તણી દોટ વિષે પડે જે,
ના તુજ પાદ–ગિરિ આશ્રયથી મરે તે. ૩૯

જે જોરમાં પ્રલયના પવને થયેલો,
ઓઢા ઉડે બહુ જ અગ્નિ દવે ધીકેલો;
સંહારશે જગત સન્મુખ તેમ આવે,
તે તુજ કીર્તનરૂપી જળ શાંત પાડે. ૪૦

જે રક્ત-નેત્ર, પિકકંઠ સમાન કાળો,
ઊંચી ફણે સરપ સન્મુખ આવનારો;
તેને નિઃશંક જન તેહ ઉલંઘી ચાલે,
ત્વં નામ નાગદમની દિલ જેહ ધારે. ૪૧

❐

નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન,
એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય;
ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી,
છેદાય શીઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી. ૪૨

બર્છી થકી હણિત હસ્તિ રુધિર વ્હે છે,
યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે;
એવા યુધે અજિત-શત્રુ જીતે જનો તે,
ત્વત્પાદપંકજરૂપી વન શર્ણ લે જે. ૪૩

જ્યાં ઊછળે મગરમચ્છ તરંગ ઝાઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે,
તે નિર્ભયે તુજ તણા સ્મરણે તરે છે. ૪૪

જે છે નમ્યા ભયદ રોગ જલોદરેથી,
પામ્યા દશા દુઃખદ આશન દેહ તેથી;
ત્વત્પાદ-પદ્મ રજ અમૃત નિજ દેહે,
ચોળે બને મનુજ કામ સમાન રૂપે. ૪૫

બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણિથી જાંગ ઘસાય જેની;
એવા અહોનિશ જપે તુજ નામ મંત્ર,
તો તે જનો તુરત થાય રહિત બંધ. ૪૬

જે મત્ત હસ્તિ, અહિ, સિંહ, દવાનલાગ્નિ,
સંગ્રામ, સાગર, જલોદર, બંધનોથી;
પેદા થયેલ ભય તે ઝટ નાશ પામે,
ત્હારું કરે સ્તવન આ મતિમાન પાઠે. ૪૭

આ સ્તોત્રમાળ તુજના ગુણથી ગુંથી મેં;
ભક્તિ થકી વિવિધ વર્ણરૂપી જ પુષ્પે;
તેને જિનેંદ્ર! જન જે નિત કંઠ નામે,
તે 'માનતુંગ' અવશ શુભ લક્ષ્મી પામે. ૪૮

❑ ❑ ❑

# શ્રી કલ્યાણમંદિર-સ્તોત્ર

(શ્રી કુમુદચન્દ્ર સ્વામી રચિત પાર્શ્વનાથસ્તુતિનો ગુજરાતી અનુવાદ)

(મંદાક્રાંતા)

કલ્યાણોના સદન વળી જે પાપભેદી ઉદાર,
તે ભીતોને અભયપ્રદ જે જે અનિન્દિત સાર;

જન્માબ્ધિમાં ડુબત સઘળાં જંતુને નાવ છે જે,
જિનેંદાનાં ચરણકમળો એહવા વંદીને તે. ૧

જેના મોટા મહિમ-જલધિ કેરું સુસ્તોત્ર અત્ર,
સુમેધાવી સુરગુરુ સ્વયં ગુંથવા નાંહિ શક્ત;
જે તીર્થેશા કમઠ-મદને ધૂમકેતુ જગીશ,
એવા તેનું સ્તવન વર આ નિશ્ચયે હું કરીશ. (યુગ્મ). ૨

સામાન્યેથી પણ સ્વરૂપ તો વર્ણવા તારું અત્ર,
કેવી રીતે અમ સરિખડા નાથ હે! થાય શક્ત?
ધીઠો તોયે ઘુવડ શિશુ રે! દિવસે આંધળો જે,
શું ભાનુનું સ્વરૂપ પ્રરૂપે નિશ્ચયે એહવો તે? ૩

હે જિનેંદા! અનુભવ કરે મોહવિનાશ દ્વારા,
તોયે મર્ત્યો સમરથ નથી ગુણવા ગુણ ત્હારા;
કલ્પાંતે જ્યાં નીરનિધિ તણું નીર નિશ્ચે વમાય,
કોનાથી ત્યાં પ્રકટ પણ રે! રત્નરાશિ પમાય? ૪

સંખ્યાતીતા મહદ ગુણની ખાણ એવા તમારું,
સ્તોત્ર સ્વામી! જડમતિ છતાં ગુંથવા બુદ્ધિ ધારું!
ભાખે ના શું શિશુય જલધિ કેરી વિસ્તિર્ણતાને,
'હ્યાં વિસ્તારી સ્વભુજયુગને નિજ બુદ્ધિ પ્રમાણે! ૫

યોગીઓને પણ તુજ ગુણો ગમ્ય જે હોય નાંહિ,
તે કહેવામાં ક્યમ પ્રસર રે! માહરો થાય આંહી!

તેથી આ તો થઈ વગર વિચારી પ્રવૃત્તિ આહા!
વા જલ્પે છે ખણગણ ખરે! નિજ કેરી ગિરામાં. ૬

દૂરે તારું સ્તવ જિન! અચિંત્ય પ્રભાવી રહોને!
રક્ષે નામે પણ તમ તણું જન્મથી ભુવનોને;
વાયુ રૂડો કમલસરનો સુરસીલો વહે જે,
તીવ્રોત્તાપે હત પથિકને ગ્રીષ્મમાં રીઝવે તે. ૭

પ્રાણીઓના નિબિડ પણ તે કર્મબંધો અહા! હ્યાં,
વિભુ થાયે શિથિલ ક્ષણમાં વર્તતાં તું હૃદામાં;
રે! શિખંડી સુખડવનની મધ્યમાં આવી જાતાં,
જેવી રીતે ભુજગમય તે શીઘ્ર શિથિલ થાતાં. ૮

મૂકાયે છે મનુજ સહસા રૌદ્ર ઉપદ્રવોથી,
અત્રે સ્વામી! જિનપતિ! તને માત્ર નિરીક્ષવાથી;
ગોસ્વામીને સ્ફુરિત પ્રભને માત્ર અત્રે દીઠાથી,
જેવી રીતે ઝટ પશુગણો ભાગતા ચોરટાથી. ૯

કેવી રીતે ભવિજન તણો જિન! તું તારનાર?
ધારે તેઓ હૃદમહિં તને ઊતરે જેથી પાર;
વા એહી જે મશક તરતી નીરને નક્કી સાવ,
છે તે અંતર્ગત મરુતનો નિશ્ચયે જ પ્રભાવ. ૧૦

❒

જેની પાસે શિવપ્રમુખ સૌ છે પ્રભાવે વિહીન,
તુંથી તેહ રતિપતિ ક્ષણે સર્વથા કીધ ક્ષીણ;
અગ્નિઓ જે જલ થકી અહો! નિશ્ચયે બુઝવાય,
રે! શું તેહી દુઃસહ વડવાવહ્નિથી ના પિવાય? ૧૧

સ્વામી! તુનેં બહુ જ ગુરુતાવંતને આશ્રનારા,
સત્ત્વો સર્વે હૃદયમહિં તને ધારીને ક્યા પ્રકારા;
જન્માબ્ધિને અતિ લઘુપણે રે! તરે શીઘ્ર સાવ,
વા અત્રે તો મહદ્જનનો છે અચિંત્ય પ્રભાવ. ૧૨

❑

જો વિભુ હે! પ્રથમથી જ તેં ક્રોધ કીધો નિરસ્ત,
તો કીધા તેં કઈ જ રીતથી કર્મચોરો વિનષ્ટ?
લીલાં વૃક્ષો યુત વનગણોને અહો! લોકમાંહી,
ના બાળે શું શિશિર પણ રે! હિમરાશિય આંહી? ૧૩

યોગીઓ તો જિનપતિ! સદા તું પરમાત્મારૂપીને,
રે! શોધે છે હૃદયકજના કોશદેશે ફરીને;
શું કર્ણિકા વિણ અપર રે! સંભવે છે અનેરું,
સ્થાન હ્યાં તો પુનિત અમલા અબ્જના બીજ કેરું? ૧૪

પામે ભવ્યો ક્ષણમહિં પ્રભુ હે! પરમાત્માદશાને,
જિનેશા હે! શરીર તજીને આપશ્રીના જ ધ્યાને;
તીવ્રાગ્નિથી તજી દઈ અહો! ભાવ પાષાણ કેરો,
પામે લોકે ઝટ કનકતા જે રીતે ધાતુભેદો. ૧૫

જેની અંતઃ ભવિ થકી સદા તું વિભાવાય ભાવે,
જિનેશા હે! શરીર પણ તે નાશ કાં તુ કરાવે?
વા વર્તે આ નકી અહીં અરે! મધ્યવર્તિ સ્વરૂપ,
મ્હાનુભાવો વિગ્રહ શમવે સર્વથા જિનભૂપ! ૧૬

આ આત્મા તો મનીષિ જનથી તુંથી નિર્ભેદ ભાવે,
ધ્યાયાથી હે જિનવર! બને તુજ જેવો પ્રભાવે;
અત્રે પાણી પણ અમૃત આ એમ રે! ચિંતવાતું,
નિશ્ચેથી શું વિષવિકૃતિને ટાળનારું ન થાતું? ૧૭

વિભુ તુંહી તમરહિતને વાદીઓએ અનેરા,
નિશ્ચે શંભુ હરિ પ્રમુખની ધીથી માની રહેલા;
ધોળો શંખે તદપિ કમળાયુક્તથી જિનરાય!
નાના વર્ણે વિપરીત મતિએ ન શું તે ગ્રહાય? ૧૮

❑

# (અશોકવૃક્ષાદિ અષ્ટ પ્રાતિહાર્ય)

## * અશોકવૃક્ષ *

(રાગ–મંદાક્રાંતા)

સાન્નિધ્યેથી તુજ ધરમના બોધવેળા વિલોક!
દૂરે લોકો! તરુ પણ અહો! થાય અત્રે 'અશોક';
ભાનુ કેરો સમુદય થયે નાથ! આ જીવલોક,
શું વિબોધ ત્યમ નહિ લહે સાથમાં વૃક્ષથોક? ૧૯

## * સુરપુષ્પવૃષ્ટિ *

રે! ચોપાસે વિમુખ ડિંટડે માત્ર શાને પડે છે,
વૃષ્ટિ ભારી સુરકુસુમની? હે વિભુ! ચિત્ર એ છે!
વા ત્હારા રે! દરશન પથે પ્રાપ્ત થાતાં જ નિશ્ચે,
મુનીશા હે! સુમનગણનાં બંધનો જાય નીચે. ૨૦

## * દિવ્યધ્વનિ *

સ્થાને છે આ ગંભીર હૃદયાબ્ધિ થકી ઉદ્‌ભવેલી,
ત્હારી વાણી તણી પીયૂષતા છે જનોએ કથેલી;
તેને પીને પર પ્રમદના સંગભાગી વિરામે,
નિશ્ચે ભવ્યો અજરઅમરાભાવને શીઘ્ર પામે. ૨૧

## * ચામર *

હે સ્વામિશ્રી! અતિ દૂર નમી ને ઊંચે ઊછળંતા,
માનું શુચિ સુરચમરના વૃંદ આવું વદંતા—
"જેઓ એહી યતિપતિ પ્રતિ રે! પ્રણામો કરે છે,
"નિશ્ચે તેઓ ઉરધ ગતિને શુદ્ધભાવે લહે છે." ૨૨

## * સિંહાસન *

બિરાજેલા કનક-મણિના શુભ્ર સિંહાસને ને
હ્યાં ગર્જંતા ગંભીર ગિરથી, નીલવર્ણા તમોને;
ઉત્કંઠાથી ભવિજનરૂપી મોરલાઓ નિહાળે,
સુવર્ણાદ્રિ શિખરપર જાણે નવો મેઘ ભાળે! ૨૩

## ✻ ભામંડલ ✻

ઊંચે જાતા તુજ નીલ પ્રભામંડલેથી વિલોક!
પત્રો કેરી દ્યુતિ થકી થયો હીન અત્રે અશોક;
વા નીરાગી! ભગવન! વળી આપના સન્નિધાને,
નીરાગિતા નહિ અહીં કિયો ચેતનાવંત પામે? ૨૪

## ✻ દેવદુંદુભિ ✻

"ભો ભો ભવ્યો અવધૂણી તમારા પ્રમાદો સહુ ને,
આવી સેવો શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને,"
માનું આવું ત્રણ જગતને દેવ! નિવેદનારો,
વ્યાપી વ્યોમે ગરજત અતિ દેવદુંદુભિ તારો. ૨૫

## ✻ છત્રત્રય ✻

તારા દ્વારા સકલ ભુવનો આ પ્રકાશિત થાતાં,
તારા વૃંદો સહિત શશિ આ સ્વાધિકારે હણાતાં,
મૌક્તિકોના ગણયુત ઉઘાડેલ ત્રિ છત્ર બ્હાને,
આવ્યો પાસે ત્રિવિધ તનુને ધારી નિશ્ચે જ જાણે! ૨૬

ત્રિલોકોને બહુ બહુ ભરી પિંડરૂપી થયેલા,
જાણે કાંતિ-પ્રતપ-યશના સંચથી નિજ કેરા;
માણિક્યો ને કનક રજતે એ રચેલા ગઢોથી,
વિભાસે છે ભગવન અહો! તુંહી સર્વે દિશોથી. ૨૭

## * પાર્શ્વપ્રભુ સ્તુતિ *

જન્માબ્ધિથી વિમુખ વરતે તોય તું જિનરાજ!
તારે છે જે સ્વપીઠપર લાગેલ પ્રાણીસમાજ;
તે તું પાર્થિવનિરૂપને યુક્ત નિશ્ચે જ અત્રે,
તું આશ્ચર્ય! પ્રભુ! કરમવિપાક વિહીન વર્તે!! ૨૮

તું વિશ્વેશો દુરગત છતાં લોકરક્ષી કહાવે!
વા સ્વામી! તું અલિપિ તદપિ અક્ષર સ્વસ્વભાવે!
અજ્ઞાનીમાં તમ મહિં નકી સર્વદા કો પ્રકાર,
જ્ઞાન સ્ફુરે ત્રણ જગતને હેતુ ઉદ્યોતનાર! ૨૯

## * કમઠાસુરના ઉપસર્ગ *

વ્યાપ્યા જેણે અતિ અતિ મહા ભાર દ્વારા નભોને,
ઉડાડી'તી શઠ કમઠડે રોષથી જે રજોને;
તેથી છાયા પણ તમ તણી ના હણાણી જિનેશ!
દુરાત્મા એહ જ રજ થકી તે ગ્રસાયો હતાશ. ૩૦

જ્યાં ગર્જતા પ્રબળ ઘનના ઓઘથી અભ્ર ભીમ,
વિદ્યુત ત્રૂટે મુસલ સમ જ્યાં ઘોર ધારા અસીમ;
દૈત્યે એવું જ દુસ્તર વારિ અરે! મુક્ત કીધું,
તેનું તેથી જ દુસ્તરવારિ થયું કાર્ય સીધું. ૩૧

છૂટા કેશોથી વિકૃતિરૂપી જે ધરે મુંડમાલા,
ને જેના રે! ભયદ મુખથી નીકળે અગ્નિજ્વાલા;

વિકુર્વ્યો જે પ્રભુ! તમ પ્રતિ એહવો પ્રેતવૃંદ,
તે તો તેને ભવભવ થયો સંસૃતિ દુ:ખકંદ. ૩૨

(વસંતતિલકાવૃત્ત)

### ✻ છે ધન્ય ત્હારા ભક્તને ✻

છે ધન્ય તે જ અવની મહિં જેહ પ્રાણી;
ત્રિસંધ્ય તેજ પદ ભુવનનાથ નાણી!
આરાધતા વિધિથી કાર્ય બીજાં ફગાવી,
રોમાંચ ભક્તિ થકી અંગ મહિં ધરાવી. ૩૩

### ✻ ના સુણ્યો કદિ મેં તને ✻

માનું અપાર ભવસાગરમાં જિનેશ !
તું કર્ણગોચર મને ન થયો જ લેશ;
સુણ્યા પછી તુજ સુનામ પુનિત મંત્ર,
આવે કને વિપદ-નાગણ શું ? ભદંત ! ૩૪

### ✻ ના પૂજ્યો કદિ મેં તને ✻

જન્માંતરેય જિન! વાંચ્છિત દાનદક્ષ,
પૂજ્યા ન મેં તુજ પદોરૂપ કલ્પવૃક્ષ,
આ જન્મમાં હૃદયમંથિ પરાભવોનો,
નિવાસ હું થઈ પડ્યો, ઈશ મુનિઓના! ૩૫

### ✻ ના દીઠો કદિ મેં તને ✻

મેં મોહતિમિરથી આવૃત્ત નેત્રવાળે,
પૂર્વે તને ન નિરખ્યો નકી એક વારે,

ના તો મને દુઃખી કરે ક્યમ મર્મભેદી,
એહી અનર્થ ઉદયાગત, વિશ્વવેદી! ૩૬

## ✻ ધાર્યો ન મેં હૃદયે તને ✻

પૂજ્યો છતાં શ્રુત છતાં નિરખ્યો છતાંય,
ધાર્યો ન ભક્તિથી તને મુજ ચિત્તમાંય;
તેથી થયો હું દુઃખભાજન જિનરાય!
ના ભાવવિહીન ક્રિયા ફલવંત થાય. ૩૭

## ✻ છોડાવ દુઃખ થકી મને ✻

હે નાથ! દુઃખીજનવત્સલ! હે શરણ્ય!
કારુણ્યપુણ્યગૃહ! સંયમીમાં અનન્ય!
ભક્તિથી હું નત પ્રતિ ધરી તું દયાને,
થા દેવ! તત્પર દુઃખાંકુર છેદવાને! ૩૮

નિઃસંખ્ય સત્ત્વગૃહ, ખ્યાત પ્રભાવવાળા,
ને શત્રુનાશક શરણ્ય અહો! તમારાં
પાદાબ્જ શર્ણ લઈ જો છઉં ધ્યાન વંધ્ય,
તો નષ્ટ હું, ભુવનપાવન ! હું જ વંધ્ય. ૩૯

દેવેન્દ્રવંદ્ય! વિભુ! વસ્તુરહસ્યજાણ!
સંસારતારક! જગત્પતિ! જિનભાણ!
રક્ષો મને ભયદ દુઃખસમુદ્રમાંથી,
આજે કરુણહૃદ! પુણ્ય કરો દયાથી. ૪૦.

## ✻ હો તું જ શર્ણ ભવેભવે! ✻

તારાં પદાબ્જતણી સંતતિથી ભરેલી,
ભક્તિતણું કંઈય જો ફલ વિશ્વબેલી!
તો તું જ એક શરણું બસ એહ મુજ,
હો શર્ણ આ ભવભવાંતરમાંય તું જ! ૪૧

## ✻ સ્તોત્રમાહાત્મ્ય, ઉપસંહાર ✻

રે! આમ વિધિથી સમાધિમને ઉમંગે,
રોમાંચ કંચુક ધરી નિજ અંગ અંગે;
સદ્‌બિમ્બ નિર્મલ મુખાંબુજ દૃષ્ટિ બાંધી,
ભવ્યો રચે સ્તવન જે તુજ ભક્તિ સાંધી. ૪૨

તે હે જિનેન્દ્ર! જયનેત્ર 'કુમુદચંદ્ર'!
હ્યાં ભોગવી સ્વરગ સંપદવૃંદ ચંગ;
નિઃશેષ કર્મમલ સંચય સાવ વામે,
ને શીઘ્ર તેહ ભગવન્! શિવધામ પામે. ૪૩

❒

## શ્રી સમન્તભદ્રાચાર્ય વિરચિત

# સ્વયંભૂ–સ્તોત્ર

## (૧) શ્રી આદિનાથ–સ્તુતિ

(ગીતા છંદ)

જો હુએ હૈ અરહંત આદિ, સ્વયં બોધ સમ્હારકે,
પરમ નિર્મલ જ્ઞાન ચક્ષુ, પ્રકાશ ભવતમ હારકે;

નિજ પૂર્ણ ગુણમય વચન કરસે, જગ અજ્ઞાન મિટા દિયા,
સો ચંદ્ર સમ ભવિ જીવ હિતકર, જગતમાંહિ પ્રકાશિયા. ૧

સો પ્રજાપતિ હો પ્રથમ જિસને, પ્રજાકો ઉપદેશિયા,
અસિ કૃષિ આદિ કર્મસે, જીવન ઉપાય બતા દિયા;
ફિર તત્ત્વજ્ઞાની પરમ વિદ, અદ્‌ભુત ઉદય ધર્તારને,
સંસાર ભોગ મમત્વ ટાલા, સાધુ સંયમ ધારને. ૨

ઈન્દ્રિયજયી, ઈક્ષ્વાકુવંશી મોક્ષકી ઈચ્છા કરે,
સો સહનશીલ સુગાઢ વ્રતમેં સાધુ સંયમકો ધરે;
નિજ ભૂમિ મહિલા ત્યાગદી જો થી સતી નારી સમા,
યહ સિંધુ જલ હૈ વસ્ત્ર જિસકા ઔર છોડી સબ રમા. ૩

નિજ ધ્યાન અગ્નિ પ્રભાવસે રાગાદિ મૂલક કર્મકો,
કરુણા વિગર હૈ ભસ્મ કીને ચાર ઘાતી કર્મકો;
અરહંત હો જગ પ્રાણિ હિત સત્ તત્ત્વકા વર્ણન કિયા,
ફિર સિદ્ધ હો નિજ બ્રહ્મપદ અમૃતમઈ સુખ નિત પિયા. ૪

જો નાભિનંદન વૃષભ જિન સબ કર્મ મલસે રહિત હૈં,
જો જ્ઞાન તન ધારી પ્રપૂજિત સાધુજન કર સહિત હૈં;
જો વિશ્વલોચન લઘુ મતોં કો જીતતે નિજ જ્ઞાનસે,
સો આદિનાથ પવિત્ર કીજે આત્મ મમ અઘ ખાનસે. ૫

## (૨) શ્રી અજિતનાથ–સ્તુતિ

(માલિની છંદ)

* દિવિસે પ્રભુ આકર જન્મ જબ માત લીના,
ઘરકે સબ બન્ધૂ મુખકમલ હર્ષ કીના;

* સ્વર્ગસે

ક્રીડા કરતે ભી જિન વિજય પૂર્ણ પાઈ,
અજિત નામ રક્ખા જો પ્રગટ અર્થદાઈ. ૬

અબ ભી જગ લેતે નામ ભગવત્ અજિતકા,
સત્ શિવમગદાતા વર અજિત તીર્થંકરકા.
મંગલ કર્તા હૈ પરમશુચિ નામ જિનકા,
નિજ કારજકા ભી લેત નિત વામ ઉનકા. ૭

જિમ સૂર્ય પ્રકાશે, મેઘદલકો હટાકર,
કમલ વન પ્રફુલ્લૈં, સબ ઉદાસી ઘટાકર;
તિમ મુનિવર પ્રગટે, દિવ્ય વાણી છટાકર,
ભવિગણ આશય ગત, મલ કલંક મિટાકર. ૮

જિસને પ્રગટાયા, ધર્મ ભવ પાર કર્તા,
ઉત્તમ અતિ ઊંચી, જાન જનદુઃખ હરતા;
ચંદન સમ શીતલ, ગંગ હૃદયમેં નહાતે,
બહુધામ સતાએ, હસ્તિવર શાંતિ પાતે. ૯

નિજ બ્રહ્મ રમાની, મિત્ર શત્રુ સમાની,
લે જ્ઞાન કૃપાની, રોષાદિ દોષ હાની;
લહિ આતમ લક્ષ્મી, નિજવશી જીતકર્મા,
ભગવન્ અજિતેશ, દીજિએ શ્રી સ્વશર્મા. ૧૦

## (૩) શ્રી સંભવજિન–સ્તુતિ

(ભુજંગપ્રયાત છંદ)

તુંહી સૌખ્યકારી જગમેં નરોંકો,
કુતૃષ્ણા મહાવ્યાધિ પીડિત જનોંકો;

અચાનક પરમ વૈદ્ય હૈ રોગહારા,
યથા વૈદ્યને દીનકા રોગ ટારા. ૧૧

દશા જગ અનિત્યં, શરણ હૈ ન કોઈ,
અહં મમ મઈ દોષ મિથ્યાત્વ વોઈ;
જરા-જન્મ-મરણં સદા દુઃખ કરે હૈ,
તુહી ટાલ કર્મં, પરમ શાંતિ દે હૈ. ૧૨

ખવિજલી સમ ચંચલં સુખ વિષયકા,
કરૈ વૃદ્ધિ તૃષ્ણામઈ રોગ જિયકા;
સદા દાહ ચિત્તમેં કુતૃષ્ણા બઢાવે,
જગત દુઃખ ભોગે, પ્રભૂ હમ બતાવે. ૧૩

જુ હૈ મોક્ષ બન્ધં, વ હૈ હેતુ ઉનકા,
બંધા અર ખુલા જિય, ફલં જો છુટનકા;
પ્રભૂ સ્યાદ્વાદી, તુમ્હીં ઠીક કહતે,
ન એકાંત મતકે કભી પાર લહતે. ૧૪

જહાં ઈન્દ્ર ભી હારતા ગુણકથનમેં,
કહાં શક્તિ મેરી તુઝી થુતિ કરનમેં;
તદપિ ભક્તિવશ પુણ્ય યશ ગાન કરતા;
પ્રભૂ દીજિયે નિત શિવાનન્દ પરતા. ૧૫

## (૪) શ્રી અભિનન્દન જિન-સ્તુતિ

(છંદ સ્રગ્વિની)

આત્મગુણ વૃદ્ધિતે નાથ અભિનન્દના,
ધર અહિંસા વધૂ, ક્ષાંતિ સેવિત ઘના;

આત્મમય ધ્યાનકી, સિદ્ધિકે કારણે,
હોય નિર્ગ્રંથ પર, દોય વિધિ ટારણે. ૧૬

તન અચેતન યહી, ઔર તિસ યોગતે,
પ્રાપ્ત સંબંધમેં, આપપન માનતે;
જો ક્ષણિક વસ્તુ હૈ, થિરપના દેખતે,
નાશ જગ દેખ પ્રભુ, તત્ત્વ ઉપદેશતે. ૧૭

ક્ષુત ત્રષા રોગ પ્રતિકાર બહુ ઠાનતે,
અક્ષ સુખ ભોગ કર તૃપ્તિ નહિં માનતે;
થિર નહીં જીવ તન હિત ન હો દૌડના,
યહ જગત્રૂપ ભગવાન વિજ્ઞાપના. ૧૮

લોલુપી ભોગ જન, નહિં અનીતિ કરે,
દોષકો દેખ જગ, ભય સદા ઉર ધરે;
હૈ વિષય મગ્નતા, દોઉ ભવ હાનિકર,
સુજ્ઞ ક્યોં લીન હો, આપ મત જાનકર. ૧૯

હૈ વિષયલીનતા, પ્રાણિકો તાપકર,
હૈ તૃષા વૃદ્ધિકર, હો ન સુખસે વસર;
હે પ્રભો! લોકહિત, આપ મત માનકે,
સાધુજન શર્ણ લે, આપ ગુરુ માનકે. ૨૦

❋

## (૫) શ્રી સુમતિતીર્થંકર–સ્તુતિ

(તોટક છંદ)

મુનિ નાથ સુમતિ સત્ નામ ધરે,
સત્ યુક્તિમઈ મત તુમ ઉચરે;

તુમ ભિન્ન મતોંમેં નાહિ બને,
સબ કારજ કારક તત્ત્વ ઘને. ૨૧

હૈ તત્ત્વ અનેક વ એક વહી,
તત્ત્વ ભેદ અભેદહિ જ્ઞાન સહી;
ઉપચાર કહો તો સત્ય નહીં,
ઈક હો અન ના વક્તવ્ય નહીં. ૨૨

હૈ સત્ત્વ અસત્ત્વ સહિત કોઈ નય,
તરુ પુષ્પ રહે ન હિ વ્યોમ કલપ;
તવ દર્શન ભિન્ન પ્રમાણ નહીં,
સ્વ સ્વરૂપ નહીં કથમાન નહીં. ૨૩

જો નિત હી હોતા નાશ ઉદય,
નહિં, હો ન ક્રિયા, કારક ન સધય;
સત્ નાશ ન હો નહિં જન્મ અસત્,
જુ પ્રકાશ ગએ પુદ્ગલ તમ સત્. ૨૪

વિધિ વા નિષેધ સાપેક્ષ સહી,
ગુણ મુખ્ય કથન સ્યાદ્વાદ યહી;
ઈમ તત્ત્વ પ્રદર્શી આપ સુમતિ,
થુતિ નાથ કરૂં હો શ્રેષ્ઠ સુમતિ. ૨૫

*

## (૬) શ્રી પદ્મપ્રભ જિન-સ્તુતિ

(મુક્તાદામ છંદ)

પદમપ્રભ પદ્મ સમાન શરીર,
શુચિ લેશ્યાધર રૂપ ગંભીર;

પરમ શ્રી શોભિત મૂર્તિ પ્રકાશ,
કોમલ સૂરજવત્ ભવ્ય વિકાશ. ૨૬

ધરત જ્ઞાનાદિ રિદ્ધિ અવિકાર,
પરમ ધ્વનિ ચારુ સમવસૃત સાર;
રહે અરહંત પરમ હિતકાર,
ધરી બોધશ્રી મુક્તિ મંઝાર. ૨૭

પ્રભૂ તન રશ્મિસમૂહ પ્રસાર,
બાલ સૂર્યસમ છબિ ધરતાર;
નર સુર પૂર્ણ સભામેં વ્યાપા,
જિમ ગિરિ પદ્મરાગ મણિ તાપા. ૨૮

સહસપત્ર કમલોં પર વિહરે,
નભમેં માનો પલ્લવ પ્રસરે;
કામદેવ જેતા જિનરાજા,
કરત પ્રજાકા આતમ કાજા. ૨૯

તુમ ઋષિ ગુણસાગર ગુણ લવ ભી,
કથન ન સમરથ ઈન્દ્ર કભી ભી;
હૂં બાલક કૈસે ગુણ ગાઊં,
ગાઢ ભક્તિસે કુછ કહ જાઊં. ૩૦

## (૭) શ્રી સુપાર્શ્વજિન–સ્તુતિ

(છન્દ ચૌપાઈ)

જય સુપાર્શ્વ ભગવન્ હિત ભાષા,
ક્ષણિક ભોગકી તજ અભિલાષા;

તપ્ત શાંત નહિ તૃષ્ણા બધતી,
સ્વસ્થ રહે નિત મનસા સધતી. ૩૧

જિમ જડ યંત્ર પુરુષસે ચલતા,
તિમ યહ દેહ જીવધૃત પલતા;
અશુચિ દુખદ દુર્ગંધ કુરૂપી,
યામેં રાગ કહા દુખરૂપી. ૩૨

યહ ભવિતવ્ય અટલ બલધારી,
હોય અશક્ત અહં મતિકારી;
દો કારણ વિન કાર્ય ન રાચા,
કેવલ યત્ન વિફલ મત રાચા. ૩૩

ડરત મૃત્યુસે તદપિ ટલત ના,
નિત હિત ચાહે તદપિ લભત ના;
તદપિ મૂઢ ભયવશ હો કામી,
વૃથા જલત હિય હો ન અકામી. ૩૪

સર્વ તત્ત્વકે આપ હિ જ્ઞાતા,
માત બાલવત્ શિક્ષા દાતા;
ભવ્ય સાધુજનકે હો નેતા,
મૈં ભી ભક્તિ સહિત થુતિ દેતા. ૩૫

## (૮) શ્રી ચન્દ્રપ્રભ તીર્થંકર–સ્તુતિ

(ભુજંગપ્રયાત છંદ)

પ્રભૂ ચન્દ્રસમ શુક્લ વર વર્ણધારી,
જગત નિત પ્રકાશિત પરમ જ્ઞાનચારી;

જિનં જિતકષાયં મહત્ પૂજ્ય મુનિપતિ,
નમૂં ચંદ્રપ્રભ તૂ દ્વિતિય ચંદ્ર જિનપતિ. ૩૬

હરૈં ભાનુકિરણેં યથા તમ જગતકા,
તથા અંગ ભામંડલં તમ જગતકા;
શુક્લધ્યાન દીપક જગાયા પ્રભુને,
હરા તમ કુબોધં સ્વયં જ્ઞાનભૂને. ૩૭

સ્વમત શ્રેષ્ઠતાકા ધરૈં મદ પ્રવાદી,
સુનેં જિનવચનકો તજેં મદ કુવાદી;
યથા મસ્ત હાથી સુનેં સિંહગર્જન,
તજૈં મદ તથા મોહકા હો વિસર્જન. ૩૮

તુહી તીન ભૂમેં પરમપદ પ્રભુ હૈ,
કરે કાર્ય અદ્ભુત પરમ તેજ તૂ હૈ;
જગત નેત્રધારી અનંતં પ્રકાશી,
રહે નિત સકલ દુઃખકા તૂ વિનાશી. ૩૯

તુંહી ચન્દ્રમા ભવિકુમુદકા વિકાશી,
કિયા નાશ સબ દોષ મલ મેઘરાશી;
પ્રગટ સત્ વચનકી કિરણમાલ વ્યાપી,
કરો મુઝ પવિત્ર તુહી શુચિ પ્રતાપી. ૪૦

❖

## (૯) શ્રી પુષ્પદંત તીર્થંકર–સ્તુતિ

(પદ્ધરી છંદ)

હે સુવિધિ! આપને કહા તત્ત્વ,
જો દિવ્યજ્ઞાનસે તત્ અતત્ત્વ;

એકાંત હરણ સુપ્રમાણ સિદ્ધ;
નહિં જાન સકેં તુમસે વિરુદ્ધ. ૪૧

હૈ અસ્તિ કથંચિત્ ઔર નાસ્તિ,
ભગવાન્ તુઝ મતમેં યહ તથાસ્તિ;
સત્ અસત્મઈ ભેદ રુ અભેદ,
હૈં વસ્તુ બીચ નહિં શૂન્ય વેદ. ૪૨

'યહ હૈ વહ હી' હૈ નિત્ય સિદ્ધ,
'યહ અન્ય ભયા' યાં ક્ષણિક સિદ્ધ;
નહિ હૈ વિરુદ્ધ દોનોં સ્વભાવ,
અંતર બાહર સાધન પ્રભાવ. ૪૩

પદ એકાનેક સ્વવાચ્ય તાસ,
જિમ વૃક્ષ સ્વતઃ કરતે વિકાસ;
યહ શબ્દ સ્યાત્ ગુણ મુખ્યકાર,
નિયમિત નહિં હોવે બાધ્યકાર. ૪૪

ગુણ મુખ્ય કથક તવ વાક્ય સાર,
નહિં પચત ઉન્હેં જો દ્વેષ ધાર;
લખિ આપ્ત તુમ્હેં ઈન્દ્રાદિદેવ,
પદકમલનમેં મૈં કરહું સેવ. ૪૫

## (૧૦) શ્રી શીતલનાથ–સ્તુતિ

(છન્દ : સ્રગ્વિણી)

તવ અનઘ વાક્ય કિરણેં, વિશદ જ્ઞાનપતિ,
શાંત-જલ-પૂરિતા, શમકરા સુષ્ઠુમતિ;

હૈ તથા શમ ન ચન્દન, કિરણ ચન્દ્રમા,
નાહિં ગંગા જલં, હાર મોતી શમા. ૪૬

અક્ષ–સુખ ચાહકી આગસે તૃપ્ત મન,
જ્ઞાન-અમૃત-સુજલ સીંચ કીના શમન;
વૈદ્ય જિમ મંત્ર ગુણસે કરે શાંત તન,
સર્વ વિષકી જલનસે હુઆ બેયતન. ૪૭

ભોગકી ચાહ અર ચાહ જીવન કરે,
લોક દિન શ્રમ કરે રાત્રિકો સો રહે;
હે પ્રભુ આપ તો રાત્રિ દિન જાગિયા,
મોક્ષકે માર્ગકો હર્ષયુત સાધિયા. ૪૮

પુત્ર ધન ઔર પરલોકકી ચાહ કર,
મૂઢજન તપ કરેં આપકો દાહ કર;
આપને તો જરા જન્મકે નાશ હિત,
સર્વ કિરિયા તજી શાંતિમય ભાવહિત. ૪૯

આપ હી શ્રેષ્ઠ જ્ઞાની મહા હો સુખી,
આપસે જો પરે બુદ્ધિ લવ મદ દુઃખી;
યાહિતે મોક્ષકી ભાવના જે કરેં,
સંતજન નાથ શીતલ તુમ્હેં ઉર ધરે. ૫૦

## (૧૧) શ્રી શ્રેયાંસ જિન–સ્તુતિ

(છન્દ માલિની)

જિનવર હિતકારી વાક્ય નિર્બાધધારી,
જગત જિન સુહિતકર મોક્ષમારગ પ્રચારી;

જિમ મેઘ રહિત હો સૂર્ય એકી પ્રકાશે,
તિમ તુમ યા જગમેં એક અદ્‌ભુત પ્રકાશે. ૫૧

હે વિધિષેધ વસ્તુ ઔર પ્રતિષેધ રૂપં,
જો જાને યુગપત્ હૈ પ્રમાણ સ્વરૂપં;
કોઈ ધર મુખ્યં અન્યકો ગૌણ કરતા,
નય અંશ પ્રકાશી પુષ્ટ દૃષ્ટાંત કરતા. ૫૨

વક્તા ઈચ્છાસે મુખ્ય ઈક ધર્મ હોતા,
તબ અન્ય વિવક્ષા વિન ગૌણતા માંહિ સોતા;
અરિમિત્ર ઉભયવિન એક જન શક્તિ રખતા,
હૈ તુજ મત દ્વૈતં, કાર્ય તબ અર્થ કરતા. ૫૩

જબ હોય વિવાદં સિદ્ધ દૃષ્ટાંત ચલતા,
વહ કરતા સિદ્ધી જબ અનેકાંત પલતા;
એકાંત મતોંમેં સાધના હોય નાહીં,
તવ મત હૈ સાચા, સર્વ સધતા તહાં હી. ૫૪

એકાંત મતોં કે ચૂર્ણ કરતા તિહારે,
ન્યાયમઈ બાણં મોહરિપુ જિન સંહારે;
તમ હી તીર્થંકર કેવલ ઐશ્વર્ય ધારી,
તાતેં તેરી હી ભક્તિ કરની વિચારી. ૫૫

## (૧૨) શ્રી વાસુપૂજ્ય–સ્તુતિ

(છંદ)

તુમ્હીં કલ્યાણ પંચમેં પૂજનીક દેવ હો,
શક્ર રાજ પૂજનીક વાસુપૂજ્ય દેવ હો;

મૈં ભી અલ્પધી મુનીન્દ્ર પૂજ આપકી કરૂં;
ભાનુકે પ્રપૂજ કાજ દીપકી શિખા ધરૂં. ૫૬

વીતરાગ હો તુમ્હેં ન હર્ષ ભક્તિ કર સકે,
વીતદ્વેષ હો તુમ્હીં, ન ક્રોધ શત્રુ હો સકે;
સાર ગુણ તથાપિ હમ કહેં મહાન ભાવસે,
હો પવિત્ર ચિત્ત હમ હટેં મલીન ભાવસે. ૫૭

પૂજનીક દેવ આપ પૂજતે સુચાવસે,
બાંધતે મહાન પુણ્ય જન વિશુદ્ધ ભાવસે;
અલ્પ અઘ ન દોષકર યથા ન વિષ કણા કરે,
શીત શુચિ સમુદ્ર નિત્ય શુદ્ધ હી રહા કરે. ૫૮

વસ્તુ બાહ્ય હૈ નિમિત્ત પુણ્ય પાપ ભાવકા,
હૈ સહાય મૂલભૂત અન્તરંગ ભાવકા;
વર્તતા સ્વભાવમેં ઉસે સહાયકાર હૈ,
માત્ર અન્તરંગ હેતુ કર્મ બંધકાર હૈ. ૫૯

બાહ્ય અંતરંગ હેતુ પૂર્ણતા લહાય હૈ,
કાર્યસિદ્ધ તહાં હોય દ્રવ્યશક્તિ પાય હૈ;
ઔર ભાંતિ મોક્ષમાર્ગ હોય ના ભવીનિકો,
આપ હી સુવંદનીક હો ગુણી ઋષીનિકો. ૬૦

## (૧૩) શ્રી વિમલનાથ–સ્તુતિ

(ભુજંગપ્રયાત છંદ)

નિત્યત્વ અનિત્યત્વ નયવાદ સારા,
અપેક્ષા વિના આપપર નાશકારા;

અપેક્ષા સહિત હૈ સ્વપર કાર્યકારી,
વિમલનાથ તુમ તત્ત્વ હી અર્થકારી. ૬૧

યથા એક કારણ નહીં કાર્ય કરતા,
સહાયક ઉપાદાનસે કાર્ય સરતા;
તથા નય કથન મુખ્ય ગૌણં કરત હૈં,
વિશેષ વા સામાન્ય સિદ્ધિ કરત હૈ. ૬૨

હરએક વસ્તુ સામાન્ય ઔર વિશેષં,
અપેક્ષા કૃત ભેદ અભેદં સુલેખં;
યથા જ્ઞાન જગમેં વહી હૈ પ્રમાણં,
લખે એકદમ આપપર તુમ વખાનં. ૬૩

વચન હૈ વિશેષણ ઉસી વાચ્યકા હી,
જિસે વહ નિયમસે કહે અન્ય નાહીં;
વિશેષણ વિશેષ્ય ન હો અતિ પ્રસંગં,
જહાં સ્યાત્ પદ હો ન હો અન્ય સંગં. ૬૪

યથા લોહ રસબદ્ધ હો કાર્યકારી,
તથા સ્યાત્ સુચિહ્નિત સુનય કાર્યકારી;
કહા આપને સત્ય વસ્તુ સ્વરૂપં,
મુમુક્ષુ ભવિક વન્દતે આપ રૂપં. ૬૫

## (૧૪) શ્રી અનન્તનાથ-સ્તુતિ

(પદ્ધરી છંદ)

ચિર ચિત્તવાસી મોહી પિશાચ,
તન જિસ અનંત દોષાદિ રાચ;

તુમ જીત લિયા નિજ રુચિ પ્રસાદ,
ભગવન્ અનન્ત જિન સત્ય વાદ. ૬૬

કલ્વષકારી રિપુ ચવ કષાય,
મન્મથમદ રોગ જુ તાપદાય;
નિજ ધ્યાન ઔષધી ગુણ પ્રયોગ,
નાશે હ્વે સબવિત્ સયોગ. ૬૭

હે ખેદ–અમ્બુ ભયગણ-તરંગ,
ઐસી સરિતા તૃષ્ણા અભંગ;
સોખી અભંગ રવિકર પ્રતાપ,
હો મોક્ષ-તેજ જિનરાજ આપ. ૬૮

તુમ પ્રેમ કરેં વે ધન લહંત,
તુમ દ્વેષ કરેં હો નાશવંત;
તુમ દોનોં પર હો વીતરાગ,
તુમ ધારત હો અદ્ભુત સુહાગ. ૬૯

તુમ ઐસે હો વૈસે મુનીશ,
મુઝ અલ્પબુદ્ધિકા કથન ઈશ;
નહિં સમરથ સર્વ માહાત્મ જ્ઞાન,
સુખકર અમૃત-સાગર સમાન. ૭૦

## (૧૫) શ્રી ધર્મનાથ–સ્તુતિ

(સ્રગ્વિણી છંદ)

ધર્મ સત્ તીર્થકો જગ પ્રવર્તન કિયા,
ધર્મ હી આપ હૈં સાધુગણ લખ લિયા;

ધ્યાનમય અગ્નિસે કર્મવન દગ્ધ કર,
સૌખ્ય શાશ્વત લિયા સત્ત્વ-શંકર અમર. ૭૧

દેવ માનવ ભક્તિવૃન્દસે સેવિતં,
બુદ્ધ ગણધર પ્રપૂજિત મહાશોભિતં;
જિસ તરહ ચંદ્રમા નભ સુનિર્મલ લસે,
તારકા વેષ્ઠિતં શાંતિમય હુલ્લસે. ૭૨

પ્રાતિહારજ વિભવ આપકે રાજતી,
દેહસે ભી નહીં રાગતા છાજતી;
દેવ માનવ સુહિત મોક્ષમગ કહ દિયા,
હોય શાસનફલં યહ ન ચિત્તમેં દિયા. ૭૩

આપકી મન વચન કાયકી સબ ક્રિયા,
હોય ઇચ્છા વિના કર્મકૃત યહ ક્રિયા,
હે મુને! જ્ઞાન વિન હૈ ન તેરી ક્રિયા,
ચિત નહીં કર સકૈ ભાન અદ્ભુત ક્રિયા. ૭૪

આપને માનુષી ભાવકો લાંઘકર,
દેવગણસે મહા પૂજ્યપન પ્રાપ્ત કર;
હો મહાદેવ આપ, હે ધરમનાથજી!
દીજિયે મોક્ષપદ હાથ શ્રી સાથજી. ૭૫

## (૧૬) શ્રી શાંતિનાથ-સ્તુતિ

(નારાચ છન્દ)

પરમ પ્રતાપ ધર જુ શાંતિનાથ રાજ્ય બહુ કિયા,
મહાન શત્રુકો વિનાશ સર્વ જન સુખી કિયા;

યતીશ પદ મહાન ધાર દયામૂર્તિ બન ગએ,
આપહીસે આપકે કુપાપ સબ શમન ભએ. ૭૬

પરમ વિશાલચક્રસે જુ સર્વ શત્રુ ભયકરં,
નરેન્દ્રકે સમૂહકો સુજીત ચક્રધર વરં;
હુએ યતીશ આત્મધ્યાન-ચક્રકો ચલાઈયા,
અજેય મોહ નાશકે મહાવિરાગ પાઈયા. ૭૭

રાજસિંહ રાજ્યકીય ભોગ યા સ્વતંત્ર હો,
શોભતે નૃપોંકે મધ્ય રાજ્ય લક્ષ્મીતંત્ર હો;
પાયકે અર્હંત લક્ષ્મી આપમેં સ્વતંત્ર હો,
દેવ નર ઉદાર સભા શોભતે સ્વતંત્ર હો. ૭૮

ચક્રવર્તિ પદ નૃપેન્દ્ર-ચક્ર હાથ જોડિયા,
યતીશ પદમેં દયાર્દ્ર ધર્મચક્ર વશ કિયા;
અર્હન્ત પદ દેવ-ચક્ર હાથ જોડ નત કિયા,
ચતુર્થ શુક્લધ્યાન કર્મ નાશ મોક્ષ વર લિયા. ૭૯

રાગદ્વેષ નાશ આત્મશાંતિકો બઢાઈયા,
શરણ જુ લેય આપકી વહી સુશાંતિ પાઈયા;
